MANOGAT • Year-37 • Issue-8 • 25 July 2018 • Aashad Sud 13, Samvat 2074 • Yugabd 5120 • Price : Rs. 5/- • Pages : 28




# મનોગત

ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम् ।



## અમે કોંગ્રેસની જેમ સોદાગર કે ઠેકેદાર નથી

અમદાવાદની ભગવાન જગન્નાથ રથયાત્રામાં  મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી,
નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ, ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા વગેરે મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ



Year - 37 • Issue - 8 • Pages-28


- મને ભેટવા આવેલા રાહુલને વડાપ્રધાનની ખુરશી લેવાની બહુ ઉતાવળ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી ૪
- યુથ પાર્લમેન્ટ ઓફ ઈન્ડિયા ૬
- પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ બેઠક ૮
- શ્રી વિજયભાઈ રૂપાણીની પૂર પ્રભાવિત વિસ્તારોના પરિવારો પ્રત્યે સંવેદના ૧૨
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અષાઢી બીજ નિમિત્તે કચ્છી સમાજને પાઠવેલી નવા વર્ષની શુભેચ્છા ૧૩
- ગુણોત્સવ-૮નાં પ્રોત્સાહક પરિણામો ૧૪
- મહિલા સશક્તિકરણ ૧૫
- અનુસૂચિત જાતિ અને આદિજાતિના વિકાસ માટે ભાજપ સરકારે કર્યું નક્કમ કામ ૧૮
- જી.પી.એસ.સી.ની પરીક્ષાનું માળખું તથા અભ્યાસક્રમ સમયાંતરે સમગ્ર દેશમાં અપનાવવામાં આવશે ૨૦
- શ્રી વકીલ સાહેબ ૨૧
- શ્રી મકરંદભાઈ દેસાઈ ૨૫



પત્રવ્યવહાર કાર્યાલય

**મનોગત પાક્ષિક**

**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**

દીનદયાળ ભવન, જે.પી. ચોક,

ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**

E-mail : manogat.1980@gmail.com




**તંત્રી મુદ્રક પ્રકાશક :**

**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**

Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

### GST - દેશના એક સમાન કરમાળખાની સફળતા
### સુશાસન, સમવાયી વ્યવસ્થા અને સંવેદનાનો સુભગ સમન્વય

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણે સૌ જાણીએ છીએ કે તાજેતરમાં જ મળેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ઘર ઉપયોગી જરૂરિયાતનાં નોંધપાત્ર ઉપકરણો પરનો ટેક્સનો દર ૨૮%થી ઘટાડીને ૧૮% કરવામાં આવ્યો.

આ બાબત ઘણી બધી વાતોને સુસ્પષ્ટ કરે છે.

(૧) આજે સમગ્ર દેશ GST સંદર્ભે શરૂઆતની અસમંજસમાંથી બહાર આવી ગયો છે.

(૨) કેન્દ્રીય ભાજપ સરકાર અને રાજ્યો સરકારોના સંયુક્ત નિર્ણયોથી સમગ્ર દેશ કરમાળખાના એક તાંતણે મજબૂતાઈથી બંધાઈ રહ્યો છે.

(૩) આ થઈ રહેલા જરૂરી ફેરફારો ન માત્ર સરકારની હકારાત્મક શાસન કટિબદ્ધતા પ્રગટ કરે છે પરંતુ સાથે-સાથે પ્રજા પ્રત્યેની સાચી સંવેદના પણ પ્રગટ કરે છે.

(૪) GSTને લાગુ પાડવાના નિર્ણયથી શરૂ કરીને પ્રત્યેક નિર્ણયો કાઉન્સિલ દ્વારા જ સંયુક્ત રીતે લેવાઈ રહ્યા છે તે બાબત ભાજપની કેન્દ્ર સરકારની સમવાયી તંત્ર પરની શ્રદ્ધા અને લોકશાહીના પાયાના સિદ્ધાંત પ્રત્યેની નિષ્ઠા તો દર્શાવે જ છે, સાથે સાથે એ બાબત પણ ખુમારીપૂર્વક સુસ્પષ્ટ કરે છે કે આઝાદી પછી ન લેવાયેલો આટલો મોટો કરમાળખાનો (દેશનાં રજવાડાંઓને એકત્રિત કરવા જેવો) નિર્ણય પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મજબૂત ભાજપ સરકાર જ લઈ શકે અને લીધેલા નિર્ણયને એક નિશ્ચિત વ્યવસ્થા અને સફળતાના પંથ સુધી પહોંચાડી શકે.

ભાજપની સુશાસનની વિચારધારાનું આ એક દૃષ્ટિવંત, ગૌરવપ્રદ, રાષ્ટ્રસેવી, સાકાર અને મૂર્તિમંત સ્વરૂપ છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

## તુષ્ટીકરણ, મતબેંકની રાજનીતિ વિના સબકા સાથ સબકા વિશ્વાસ મંત્ર પર અમે કામ કરતા રહ્યા છીએ



# મને ભેટવા આવેલા રાહુલને વડાપ્રધાનની ખુરશી લેવાની બહુ ઉતાવળ છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી

સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર આખો દિવસ ચર્ચા ચાલી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે વિપક્ષને પોતાના સંગઠનના વિખેરાઈ જવાની ચિંતા છે માટે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી છે. તેમણે જણાવ્યું કે મારી સરકારની કામગીરી પર દેશને વિશ્વાસ છે પણ વિપક્ષને નથી. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે મારી સરકારના કાર્યકાળમાં જે લોકો વીજળીથી વંચિત હતા તેમને વીજળી પહોંચાડવામાં આવી, જનધન યોજનાથી હજારો ગરીબોને ફાયદો થયો. વીમા સુરક્ષા કવચ આપ્યું. અમે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બેગણી કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે સિંચાઈની પડતર યોજનાઓને પૂરી કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમે અનેક કામો કર્યાં છતાં વિપક્ષને અમારા પર વિશ્વાસ નથી. અગાઉની સરકારના કાર્યકાળમાં એલઈડી બલ્બ ૪૦૦ રૂપિયામાં વેચાતો હતો, આજે ૪૦ રૂપિયામાં મળે છે. મેક ઈન ઈન્ડિયા, જીએસટી જેવા બદલાવ પર પણ વિપક્ષને વિશ્વાસ નથી. સૌથી ઝડપી વિકાસ કરી રહેલી અર્થવ્યવસ્થા આજે ભારતની છે, જેના પર ગૌરવ કરવું જોઈએ.

સરકારની કામગીરી પર દેશને વિશ્વાસ છે, પણ જે લોકો પોતાના પર વિશ્વાસ નથી કરતા તેઓ અમારા પર વિશ્વાસ ક્યાંથી કરે ? કોંગ્રેસને ખુદ પર અવિશ્વાસ છે. કોંગ્રેસના અવિશ્વાસ પ્રસ્તાવ પાછળ તેનો ઘમંડ છુપાયેલો છે. કોણ કહે છે અમારી પાસે સંસદમાં નંબર નથી આવું કહેવું તે અહંકાર નથી ?

તેમણે જણાવ્યું કે આ સરકારનો ફ્લોર ટેસ્ટ નથી, આ તો કોંગ્રેસ અને તેના કહેવાતા ગઠબંધનનો ફોર્સ ટેસ્ટ છે.

- **દેશની સલામતી પર આવી રમત બરાબર નથી. શું બાળરમત જ કરતા રહેશે ?**
- **ડોકલામ મુદ્દે માહિતી વિના બોલતા પહેલાં વિચારો. તેનાથી દેશને નુકસાન થાય છે.**
- **સર્જિકલ સ્ટ્રાઈકને જુમલા સ્ટ્રાઈક કહેવાનું દેશ સ્વીકારશે નહીં.**
- **કોંગ્રેસ અફવા ફેલાવે છે કે અનામત ખતમ થશે. એસસી-એસટી એક્ટ ખતમ થશે. તમે દલિતો-ગરીબોને બ્લેકમેલ કરો છો.**

ભગવાન આપને એટલી શક્તિ આપે કે ૨૦૨૪માં તમે ફરી અવિશ્વાસ પ્રસ્તાવ લાવો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસને અહંકાર છે કે હું ઊભો થઈશ તો પીએમ ૧૫ મિનિટ ઊભા રહી નહીં શકે. હું ઊભો પણ છું અને ૪ વર્ષથી મારાં કામ બોલી રહ્યાં છે. અહંકારીઓ કહે છે ૨૦૧૯માં સત્તામાં આવવા નહીં દઈએ. અમે બહુમતી અને ૧૨૫ કરોડની જનતાના આશીર્વાદથી સત્તા પર છીએ. દેશવાસીઓએ આપેલા જનમત પર અવિશ્વાસ ન કરો. તુષ્ટીકરણ, મતબેંકની રાજનીતિ વિના સબકા સાથ સબકા વિશ્વાસ મંત્ર પર અમે કામ કરતા રહ્યા છીએ. જેમને પોતાના પર વિશ્વાસ ન હોય તે અમારા પર શું વિશ્વાસ કરશે ? ચાતક પક્ષીના મોંમાં વરસાદનું ટીપું સીધું ન પડે તો એમાં વાદળનો શું વાંક ?

હું ચોકીદાર પણ છું અને ભાગીદારી પણ છું. કોંગ્રેસની જેમ સોદાગર કે ઠેકેદાર નથી. હા, અમે ખેડૂતોની સમસ્યાઓ, ગરીબોની વેદના, વંચિતોની પીડા, છેવાડાના માનવીના વિકાસના ભાગીદાર છીએ અને તેનું મને ગૌરવ છે.

સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવનો

જવાબ આપતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાહુલ ગાંધીએ ઉઠાવેલા દરેક મુદ્દાના જવાબ આપ્યા હતા. તેમના ભાષણમાંથી મહત્ત્વના અંશો...

- રાહુલ કહે છે કે હું તેમની આંખમાં આંખ નથી નાખી શકતો. સાચી વાત છે. એક ગરીબ પરિવારનો દીકરો તમારી આંખમાં ક્યાંથી જોઈ શકે ? કેમ કે તમે તો નામદાર છો અને અમે કામદાર છીએ. નામદાર છો એટલે આંખમાં જોવાનો પ્રયાસ કરે તેમની અવદશા કરે છે. સુભાષબાબુથી માંડીને પ્રણવ મુખર્જી સુધી અનેક લોકો તેમની આંખોમાં જોવા ગયા તો તેમની શી દશા કરી તેનો ઈતિહાસ સાક્ષી છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે હા, અમે ભાગીદાર છીએ, પરંતુ ગરીબોના અને તેમના દુ:ખના અમે સોદાગર નથી.
- કોંગ્રેસ રાજમાં એલઈડી બલ્બના ભાવ ૪૦૦ રૂપિયા હતા અને આજે ૪૦-૪૫ છે. કોંગ્રસને કોણ ભાવ ઘટાડતાં રોકતું હતું ?
- ભાગેડુ આર્થિક ગુનેગારો વિરુદ્ધ કોંગ્રેસે શા માટે કાનૂન ન બનાવ્યો ? કોને બચાવવાના હતા ?
- સર્જિકલ સ્ટ્રાઈક પર શંકા કરીને કોંગ્રેસે સેનાનું મનોબળ તોડ્યું છે. તમારે ગાળો દેવી હોય તો મોદીને આપો, સેનાને નહીં.
- જીએસટીના દાયરામાં પેટ્રોલ-ડીઝલને લાવતા યુપીએ સરકારે જ રોક્યા હતા. એમણે ગાંધી પરિવાર બહારનો પણ કોંગ્રેસનો ઈતિહાસ જોવો જોઈએ. તો આ બધી માહિતીની ખબર પડે.
- અમે તો આંખમાં જોઈ શકતા નથી, પણ જે આંખની વાતો કરે છે, તેમની આંખોના ઈશારા આખો દેશ ટીવી પર જુએ છે.
- નોર્થ ઈસ્ટને શા માટે અત્યાર સુધી વિકાસથી વંચિત રાખતું હતું ? કેમકે ત્યાં કોઈ વોટબેન્ક ન હતી.
- રફાલ ડીલ વિશે જે કહ્યું એ શરમજનક છે અને તેના કરતાં પણ વધારે બાલિશ છે. શું સંસદમાં પણ બાળકોની રમત જેવી હરકત કરવાની જરૂર હતી ?
- ડિજિટલ ઈન્ડિયાની વાત આવી ત્યારે વિરોધીઓ કહેતા હતા કે આપણો દેશ તો અભણ છે, કેવી રીતે વ્યવહાર કરશે ? દેશના લોકોએ એક જ મહિનામાં ભીમ એપ પર ૪૧૦૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કરીને ડિજિટલ વિરોધી લોકોને જવાબ આપ્યો છે.
- બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું પણ એ બેન્કના દરવાજા ગરીબો માટે ન ખોલ્યા. અમે ૩૨ કરોડ જનધન ખાતાં ખોલાવી ગરીબોને બેન્કની સુવિધા ઉપલબ્ધ કરાવી.
- આજે શરૂ થયેલી બેન્કોની એનપીએની કોંગ્રેસે શરૂ કરેલી ફોન બેંકિંગની નિષ્ફળ સિસ્ટમને આભારી છે.
- ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક ડબલ કરવા અમારી સરકાર કટિબદ્ધ છે.
- વિરોધીઓને હવે ભારતની પ્રજા પર તો ઠીક, ભારતના વિકાસ અંગે આંકડા આપતી વૈશ્વિક સંસ્થાઓ પર પણ વિશ્વાસ નથી.

●

**ઘણા દળો મળીને દલદલ બની જાય છે અને તેમાં જ કમળ ખીલે છે**

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે જ્યારે એક જ પાર્ટીનું પંચાયતથી માંડી પાર્લમેન્ટ સુધી રાજ ચાલતું હતું ત્યારે કોણ એક રૂપિયામાંથી કટકી લઈ લઈને પંદર પૈસા બનાવી દેતું હતું ? આ કયો પંજો હતો જે રૂપિયામાંથી ૮૫ પૈસા ખાતો હતો ? પ્રધાનમંત્રીએ લોકસભામાં અવિશ્વાસની દરખાસ્તનો ઉલ્લેખ કરીને કહ્યું કે શું ભ્રષ્ટાચારની વિરુદ્ધ લડવું એ ગુનો છે ? લાલબત્તી રદ કરવી એ ગુનો છે ? જ્યારે અવિશ્વાસ પ્રસ્તાવનું કારણ પૂછવામાં આવ્યું તો કારણ ના બતાવ્યું અને ગળે પડી ગયા. તેમણે કહ્યું કે ઘણા દળો મળીને દલદલ બની જાય છે અને તેમાં જ કમળ ખીલે છે. આવા લોકો ભારતનો મર્મ નથી સમજતા. અહંકાર, દંભ અને દમનની આદતો આજનું યુવા ભારત એક પળ માટે પણ સહન કરવા તૈયાર નથી.**

# કર્ણાવતી યુનિવર્સિટીની યુથ પાર્લમેન્ટ ઓફ ઇન્ડિયામાં શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિ



## ઇન્ડિયા ૨૦૨૫નું વિઝન હાંસલ કરવા માટે ભારતના યુવાનોએ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારને તેનું ધ્યેય હાંસલ કરવામાં સહાયરૂપ થવું જોઈએ - શ્રી અમિતભાઈ શાહ

કર્ણાવતી યુનિવર્સિટી ખાતે એક અનોખી યુથ પાર્લમેન્ટ ઓફ ઇન્ડિયા ૨૦૧૮નું ઉદ્‌ઘાટન સંસદ સભ્ય (રાજ્યસભા) અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે જે મહાનુભાવો હાજર રહ્યા હતા તેમાં ગુજરાતના માનનીય મુખ્યપ્રધાન શ્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન શ્રી નીતિનભાઈ પટેલ, ગુજરાત ભાજપના પ્રેસિડેન્ટ શ્રી જીતુભાઈ વાઘાણી અને ગુજરાત સરકારના ગૃહપ્રધાન શ્રી પ્રદીપસિંહ જાડેજા, ભાજપના સંયુક્ત સચિવ (સંસ્થા), શ્રી વી. સતીશજી અને ભારતીય જનતા યુવા મોરચા (બીજેવાયએમ), ગુજરાતના પ્રેસિડેન્ટ શ્રી ઋત્વિજ પટેલનો સમાવેશ થાય છે.

યુથ પાર્લમેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે સંબોધન કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે 'ભારત એ વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. આપણી આઝાદીની ૭૦ વર્ષની મજલમાં આપણે ઘણું પ્રાપ્ત કર્યું છે અને કેટલાંક ધ્યેય પણ હાંસલ કર્યાં છે, પરંતુ આપણે હજુ ઘણું કરવાનું બાકી રહે છે. તો ૨૦૨૫નું ન્યૂ ઈન્ડિયા કેવું હશે ? ઈન્ડિયા ૨૦૨૫ની વાત કરીએ તે પહેલાં આપણે ૨૦૨૨ના ભારત તરફ નજર નાંખવા જેવી છે, કારણ કે એ વર્ષે ભારતની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થશે. ન્યૂ ઈન્ડિયા ૨૦૨૫ ગરીબીમુક્ત, ભ્રષ્ટાચારમુક્ત અને જાતિવાદ તથા આતંકવાદની બેડીઓથી મુક્ત હશે. વ્યવસ્થા તંત્રમાં વધુ પારદર્શકતા આવી હશે અને ક્લિન ઈન્ડિયાનું ધ્યેય હાંસલ થયું હશે. ઈન્ડિયા ૨૦૨૫નું વિઝન હાંસલ કરવા યુવાનોએ શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારને તેનું ધ્યેય હાંસલ કરવામાં સહાયરૂપ થવું જોઈએ.'



## રાષ્ટ્રના નિર્માણ માટે યુવાનોને સંગઠિત કરાય તે જરૂરી છે - શ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે 'રાષ્ટ્રના નિર્માણ માટે યુવાનોને સંગઠિત કરાય તે જરૂરી છે અને ગુજરાત સરકાર રાષ્ટ્રને સશક્ત બનાવવા માટે યુવાનોનું સશક્તિકરણ કરવામાં માને છે. ગુજરાત સરકારનું સૂત્ર છે 'દરેક યુવકને કામ, દરેક ખેતરને પાણી'. ગુજરાત હંમેશા તેના ઈનોવેશન અને તેની પહેલ માટે જાણીતું છે. ન્યૂ ઈન્ડિયા એટલે કે લોકશાહીયુક્ત યંગ ઈન્ડિયા. મોદીજીના ડિજિટલ ઈન્ડિયાના વિઝનથી વિશ્વ આજે જે સમસ્યાનો સામનો કરી રહ્યું છે તે પાર કરી શકાશે. સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા અને સ્વચ્છ ભારત જેવી યોજનાઓ હાથ ધરવામાં આવી છે. ભારતને વડીલોનો અનુભવ તથા યુવાનોની ઊર્જા પ્રાપ્ત થયાં છે. આથી યુવાનોને રાજકારણમાં પ્રોત્સાહન અપાય તે દેશ માટે મહત્ત્વનું છે.'

ભાજપ સરકારની સિદ્ધિઓ અંગે વાત કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે 'ચાર વર્ષના શાસનમાં ૫૦ કરોડ લોકોનું સશક્તિકરણ થયું છે, ૩૦ કરોડ લોકોનાં નવા બેંક એકાઉન્ટ ખૂલ્યાં છે. ૪.૫ કરોડ મહિલાઓને વિના મૂલ્યે ગેસનાં જોડાણો આપવામાં આવ્યાં છે. ૭.૫ કરોડ પરિવારોને ટોયલેટની સુવિધા પ્રાપ્ત થઈ છે. ૧૯ હજાર ગામોને વીજળી પ્રાપ્ત થઈ છે અને ૧૨ કરોડ બાળકોનું રસીકરણ થયું છે. ભારતની જીડીપી ૭.૪ ટકા સુધી પહોંચી છે અને સીજીડીપી ૧૮.૬ ટકા સુધી પહોંચી છે. એસડબલ્યુજીડીપી ૧.૭ ટકાથી વધીને ૩.૮ ટકા થઈ છે. ભારતની ખેતીની વૃદ્ધિ ૨ ટકાથી વધીને ૪.૧ ટકા થઈ છે. ફુગાવો ૯.૫ ટકાથી ઘટીને ૪.૫ ટકા થયો છે. આવક વેરો ભરનાર લોકોની સંખ્યા ૩.૮૦ કરોડમાં ભારે વધારો થઈને ૬.૮૪ કરોડ જેટલી થઈ છે.'

ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ ડૉ. ઋત્વિજ પટેલે જણાવ્યું છે કે 'આ યુથ પાર્લમેનટનું આયોજન પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૦૨૫ના ન્યૂ ઈન્ડિયાના સપનાને સાકાર કરવા માટે કરાયું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ પણ કહ્યું છે કે યુથ પાર્લમેન્ટ દેશના દરેક જિલ્લામાં યોજવી જોઈએ અને મહત્ત્વના મુદ્દાઓ અંગે ચર્ચા અને સંવાદ થવો જોઈએ. આપણે ગુજરાતમાં એની શરૂઆત કરી છે, કારણ કે આપણે ઈનોવેશન માટે જાણીતા છીએ.' ●


## યુવાનોએ પોતાના મનમાં નેશન ફર્સ્ટની ભાવના રાખવી જોઈએ - શ્રી જીતુભાઈ વાઘાણી



શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, 'મોદીજીએ મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા જેવી યોજનાઓ દેશના યુવાનો માટે હાથ ધરી છે. ભારતની વસતિનો ૭૦ ટકા હિસ્સો ૩૫ વર્ષથી ઓછી વય ધરાવતા યુવાનોનો છે અને આ કારણે જ આગામી વર્ષોમાં યુવાનો ભારતને નેતૃત્વ પૂરું પાડશે. અગાઉની ચૂંટણીઓમાં સૌ પ્રથમવાર ૧૨ કરોડ યુવા મતદારો સામેલ થયા હતા. યુવાનોએ પોતાના મનમાં નેશન ફર્સ્ટની ભાવના રાખવી જોઈએ અને તે પછી રાજ્ય અને ત્યારબાદ પોતાની જાતને મૂકવી જોઈએ તથા કશું પણ કરતી વખતે તમે શું યોગદાન આપો છો અને તેનાથી રાષ્ટ્રને શું લાભ થશે તે વિચારવું જોઈએ. ભારતની વૃદ્ધિને ધ્યાનમાં રાખીને તમારું ધ્યેય સિદ્ધ કરો.'

ડૉ. હર્ષદ પટેલ

**પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ બેઠક**




# કૉંગ્રેસ - દેશ અને હિન્દુઓને બદનામ કરી દેશવાસીઓનું અપમાન કરી રહી છે - શ્રી જીતુભાઈ વાઘાણી

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે જણાવ્યું હતું કે, પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે એક અગત્યની પ્રદેશ બેઠક રાખવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, રાષ્ટ્રીય સહસંગઠન મંત્રીશ્રી વી.સતીષજી, કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક યોજાઈ હતી. પ્રદેશના પદાધિકારીશ્રીઓ, જિલ્લા-મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ અને પ્રભારીશ્રીઓ તેમજ વિશેષ રૂપે સાત મોરચાના પ્રદેશના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આ બેઠકમાં ભૂતકાળમાં યોજાયેલ કાર્યક્રમોનું રીપોર્ટિંગ લેવામાં આવ્યું હતું અને આગામી સમયમાં યોજાનાર કાર્યક્રમોની રૂપરેખા નક્કી કરવામાં આવી હતી. આગામી સમયમાં ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવામાં આવશે. સુજલામ્ સુફલામ્ જળસંચય અંતર્ગત જે તળાવો ઊંડા કરવામાં આવ્યાં છે અને અન્ય તળાવો તેમજ ડેમોમાં નવાં નીર આવવા લાગ્યાં છે ત્યારે આપણી સંસ્કૃતિ પ્રમાણે જળપૂજનના કાર્યક્રમો યોજવામાં આવશે. ઋતુ બદલાતાં ફેલાનાર રોગો સામે લડવા માટે મેડિકલ કેમ્પોનું આયોજન આગામી સમયમાં કરવામાં આવશે. રક્ષાબંધનના તહેવારની ઉજવણીના કાર્યક્રમો મહિલા મોરચાની બહેનો દ્વારા વ્યાપક સ્વરૂપમાં યોજાનાર છે. તે અંગેનું આયોજન પણ હાથ ધરવામાં આવ્યું છે. આમ, દિવાળીના સ્નેહમિલન સુધીના અનેક કાર્યક્રમોની સંરચના હાથ ધરવામાં આવી છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ પ્રદેશ બેઠકમાં ઉપસ્થિત સૌ હોદ્દેદારશ્રીઓને સોંપાયેલ જવાબદારી યશસ્વી રીતે નિભાવી આગામી તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જવાની અપીલ કરી હતી.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની પરિસ્થિતિ ડામાડોળ થઈ ગઈ છે. કોંગ્રેસના નેતાઓ ઘરવાપસીનાં નિવેદનો કરે છે ત્યારે અમારે તેમને કહેવું છે કે, કોંગ્રેસનું ઘર જ તૂટી ગયું છે અને તે સાંધવાના પ્રયત્નો કરી રહ્યા છે તે પણ ફળીભૂત થશે કે કેમ તે બાબતે પણ સંશય છે. કોંગ્રેસના કાર્યક્રમમાં એક એપ લોન્ચ કરવામાં આવી તે બાબતે પ્રતિક્રિયા આપતાં શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, આ એપના માધ્યમથી કોંગ્રેસનો કાર્યકર રાષ્ટ્રીય નેતૃત્વ સાથે જોડાશે, એનો અર્થ એ થાય છે કે, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વને ગુજરાત કોંગ્રેસના નેતૃત્વ પર ભરોસો નથી અને રાહુલ ગાંધીને પણ પ્રદેશના નેતૃત્વ પર ભરોસો નથી. પ્રજાને રાહુલ ગાંધી પર ભરોસો રહ્યો નથી. પ્રદેશ હંમેશા કેન્દ્ર નેતૃત્વ સાથે માધ્યમ બનતું હોય છે પરંતુ પ્રદેશ કોંગ્રેસનું નેતૃત્વ સાચી હકીકતોથી કેન્દ્રીય નેતૃત્વને વાકેફ ન કરતું હોય તે બાબત સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે અને તેના કારણે જ કોંગ્રેસને ગુજરાતની પ્રજાએ સતત છઠ્ઠી વખત હરાવી છે.

કોંગ્રેસ ભારતને તોડવા માટેનું ષડયંત્ર રચી રહી છે. સૈનિકોનું

## પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ બેઠક યોજાઈ



પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયાની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક યોજાઈ હતી, જેમાં પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ તથા જિલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસને પ્રજા સાથે, પ્રજાના પ્રશ્નો સાથે કે સેવાકીય પ્રોગ્રામ સાથે કોઈ લેવા-દેવા નથી. કોંગ્રેસ 'ગો ટુ ધ પીપલ' નહીં પરંતુ 'ગો ટુ ધ ૧૦ જનપથ' પાર્ટી છે. ૧૦ જનપથ એ સોનિયા ગાંધીનું નિવાસસ્થાન છે. કોંગ્રેસ માત્ર નેતાઓની પાર્ટી છે, આખી કોંગ્રેસનો એજન્ડા પ્રજાની સેવાને બદલે માત્ર ગાંધી પરિવારની આસપાસનો જ રહેલો છે. તેમને સેવાકીય કાર્યો કે કાર્યકર્તાઓ સાથે કોઈ લેવા-દેવા નથી. કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે ભયંકર ભ્રષ્ટાચાર, અણઘડ વહિવટ તથા પ્રજાવિરોધી નીતિઓને કારણે પ્રજાએ કોંગ્રેસને 'ગેટ આઉટ ફ્રોમ ધ પાવર'નો મેન્ડેટ આપેલો છે. કોંગ્રેસ Action mode માં નહી પરંતુ destruction mode માં છે અને તેથી જ ગુજરાતની જનતા હંમેશા Anti congress mode માં રહી છે અને રહેશે. કોંગ્રેસ સત્તામાં નથી છતાં પણ સમાંતર સરકાર બનાવવાની વાતો કરે છે, જે બિનબંધારણીય, બિનલોકશાહી અને સત્તાલાલસાનું પ્રતિબિંબ છે. કોંગ્રેસે હંમેશા 'વેરઝેરનું વાવેતર' કર્યું છે જ્યારે ભાજપાએ હંમેશા 'સૌનો સાથ સૌનો વિકાસ'ના મંત્ર અને લોકકલ્યાણકારી નીતિઓ સાથે 'વિકાસનું વાવેતર' કર્યું છે.

પ્રદેશ બેઠકમાં થયેલી કામગીરી અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારોના પૂરપીડિતોને તંત્ર દ્વારા સમયસર મદદ પૂરી પાડી જરૂરી રાહતસામગ્રી, સાધનસહાય તાત્કાલિક ધોરણે પહોંચાડવા તેમજ ખેડૂતોને થયેલા નુકસાન બદલ વળતર માટે તાત્કાલિક ધોરણે સર્વેની પ્રક્રિયા ચાલુ કરાવવા બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની આગેવાની હેઠળની રાજ્ય સરકારને અભિનંદન આપવામાં આવ્યાં હતાં. ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ અસરગ્રસ્ત અમરેલી જિલ્લો, ગીર સોમનાથ જિલ્લો, જુનાગઢ જિલ્લો તથા ભાવનગર જિલ્લાનાં ગામડાંઓમાં રૂબરૂ મુલાકાત લઈ ભાજપા સંગઠન અને તંત્ર સાથે સંકલન દ્વારા કરવામાં આવેલી રાહત કામગીરીની બાબતે કરેલ જાતનિરીક્ષણની માહિતી આપી સંગઠનના કાર્યકરોની સેવાકિય કામગીરીને બિરદાવી હતી તેમજ હજુ પણ જ્યા જરૂર જણાય ત્યાં સેવાકાર્ય ચાલુ રાખવા અપીલ કરી હતી. પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમારે ભાજપા સંગઠનની ટીમ સાથે દક્ષિણ ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈ પૂરપીડિતોને જરૂરી જીવનસામગ્રી - ધાબળા, અનાજ, મચ્છરદાની, કીટ, કપડાં સહિત સાધનસામગ્રીનું વિતરણ કરવામાં આવેલ તેની માહિતી આપી હતી. નિયમિત રીતે યોજાતી આ બેઠકમાં ભાજપા દ્વારા કરવામાં આવેલા પ્રજાકીય, સેવાકીય તથા સંગઠનાત્મક કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી. અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ભાજપા ટીમ દ્વારા કરવામાં આવેલી રાહત કામગીરીની માહિતી, અસરગ્રસ્ત ચાર જિલ્લાઓમાં ભાજપા દ્વારા ચાલુ કરવામાં આવેલા કંટ્રોલરૂમની કામગીરીની વિગતો તથા આગામી કાર્યક્રમો બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આગામી ૨૯ જુલાઈના રોજ આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં, પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્રજી યાદવ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં લોકસભા સ્ટડી - કો ઓર્ડિનેશન કમિટી કમિટી (લોકસભા અધ્યયન-સંકલન સમિતિ)નો પ્રદેશ સ્તરનો વર્કશોપ યોજવામાં આવશે. આગામી ૧૮-૧૯ ઓગસ્ટના રોજ ભાજપાની રાષ્ટ્રીય કારોબારી યોજાયા બાદ ૨૪-૨૫ ઓગસ્ટના રોજ સુરત ખાતે પ્રદેશ કારોબારી યોજાશે. ●

**જુનાગઢ અને વડોદરા મહાનગરની પેટાચૂંટણીમાં વિજય બદલ આભાર માનીને કાર્યકર્તાઓને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**

**વિશ્વના સૌથી મોટા અને લાંબા જળસંચય અભિયાનમાં સહયોગ બદલ સૌને અભિનંદન - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી**



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રદેશ બેઠકમાં જુનાગઢ અને વડોદરા મહાનગરની પેટાચૂંટણીમાં વિજય બદલ જનતાનો આભાર માન્યો હતો અને કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ તૂટી રહી છે અને રણીધણી વગરની છે. કેન્દ્ર અને રાજય સરકારની પ્રજાલક્ષી કામગીરીને જનતાએ સ્વીકારીને મહોર મારી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતહિતનો એમ.એસ.પી. બાબતે ઐતિહાસિક નિર્ણય હોય કે રાજય સરકારનો સ્કાય યોજનાનો બચત સાથે કમાણીનો ખેડૂતહિતનો નિર્ણય હોય આ બંને ઐતિહાસિક નિર્ણયો ખેડૂતને ખૂબ જ ઉપયોગી નીવડશે. ખેડૂત ખેતરમાં માત્ર પાક જ નહીં પણ એ જ જમીન પર વીજળી પણ ઉત્પન્ન કરી શકશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજય સરકારનો પ્રદેશ કક્ષાનો વૃક્ષારોપણ વનમહોત્સવ ૨૭મી જુલાઈના રોજ અને જિલ્લા કક્ષાનો ૨૯મી જુલાઈના રોજ યોજાશે.વિશ્વના સૌથી મોટા અને લાંબા સફળ જળસંચય અભિયાનમાં સહયોગ બદલ સૌનો આભાર માન્યો હતો અને અભિનંદન પાઠવ્યાં હતાં. ભારત વિશ્વમાં અર્થતંત્રની દૃષ્ટિએ ફ્રાન્સથી પણ આગળ નીકળી ગયું છે તેનો ઉલ્લેખ કરતાં વિરોધીઓ સામે પ્રત્યાઘાત આપતાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ૨૦૧૯ની ચૂંટણીઓમાં વિરોધીઓને લપડાક આપી સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર સાથે વધુ પરિશ્રમ કરી ૨૬માંથી ૨૬ બેઠકો જીતાડવાની અપીલ કરી હતી.

મનોબળ ઘટે તે માટે અને ભારતને કોરી ખાનાર ભારતના વિરોધીઓનું મનોબળ વધે તેવાં નિવેદનો કોંગ્રેસ આપી રહી છે. ભાજપા જીતશે તો ભારત એ હિન્દુ પાકિસ્તાન બની જશે આવા બાલિશ નિવેદન આપનારી કોંગ્રેસને દેશની જનતા જોઈ રહી છે. કોંગ્રેસ દેશ અને હિન્દુઓને બદનામ કરી દેશવાસીઓનું અપમાન કરી રહી છે. ભાજપા ભાઈચારા, એખલાસ અને એકતાના વાતાવરણનું સર્જન કરી રહી છે ત્યારે કોંગ્રેસ આતંકવાદી પાકિસ્તાન જેવા હાલ ભારતના થશે એવી વાત કરી રહી છે. અલ્પસંખ્યકોની સમાનતા પર એલફેલ નિવેદનો કરીને દેશની સમરસતાને ડહોળવાના નિષ્ફળ પ્રયાસોનો જવાબ દેશની શાણી-સમજુ પ્રજા ૨૦૧૯ની ચૂંટણીઓમાં કોંગ્રેસને જરૂરથી આપશે તેવો વિશ્વાસ શ્રી વાઘાણીએ વ્યક્ત કર્યો હતો. રાહુલ ગાંધી અને કોંગ્રેસ - શશી થરૂરના નિવેદન પર સવાસો કરોડ દેશવાસીઓની માફી માંગે તેવી માંગણી શ્રી વાઘાણીએ કરી હતી.



**આઝાદી પછીના ઇતિહાસમાં સૌ પ્રથમ વખત ખેડૂતો માટેના એમ.એસ.પી.ની ઐતિહાસિક યોજના બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને ખેડૂતપુત્રનાં લાખ લાખ અભિનંદન - શ્રી પરષોત્તમભાઈ રૂપાલા**

રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રીશ્રી રૂપાલાજીએ એમએસપી યોજનાની વિસ્તૃત માહિતી પ્રદેશ બેઠકમાં આપી હતી. આઝાદી પછીના ઇતિહાસમાં દેશમાં પ્રથમવાર ખેડૂતલક્ષી ઐતિહાસિક એમએસપી યોજના માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને એક ખેડૂતપુત્ર તરીકે તેમણે લાખ લાખ અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી રૂપાલાજીએ વધુમાં જણાવ્યું હતું કે, સોઈલ હેલ્થ કાર્ડ, નિમ કોટેડ યુરિયા અને વિવિધ કિસાનલક્ષી યોજનાઓ દ્વારા ઓછી પડતર આવે અને એમએસપી દ્વારા દેશના તાતને ઉત્પાદન લાગત કરતાં દોઢથી બેગણું

વળતર મળે, આવી ઐતિહાસિક યોજનાને નીચે સુધી પહોંચાડવાની અપીલ ઉપસ્થિત સૌ હોદ્દેદારશ્રીઓને રૂપાલાજીએ કરી હતી.



**૨૦૧૯ની ચૂંટણી કોંગ્રેસની ‘દેશ તોડો’ નીતિ સામે ભાજપાની ‘દેશ જોડો’ નીતિ અને દેશને વિશ્વમાં વિકાસ-ગૌરવના ઉચ્ચ શિખરે પહોંચાડવા માટેની ચૂંટણી છે - શ્રી વી.સતીષજી**

રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજીએ પ્રદેશ બેઠકને સંબોધતાં જણાવ્યું હતું કે, ૧૯૫૧થી કાર્યકર્તાઓની તપસ્યા, બલિદાન અને વૈચારિક અધિષ્ઠાન સાથે ભાજપા આજે આ સ્થિતિએ પહોંચ્યું છે. કોંગ્રેસ સમાજો વચ્ચે ભ્રમ ફેલાવી અને અપપ્રચાર કરીને જ્ઞાતિવાદ-કોમવાદ થકી દેશને તોડવાના પ્રયત્નો કરે છે, જ્યારે ભાજપા રાષ્ટ્રવાદ અને વિકાસવાદ સાથે સૌનો સાથ સૌનો વિકાસ મંત્રને ચરિતાર્થ કરી દેશને જોડવાનો પ્રયત્ન કરે છે. આવનારી ૨૦૧૯ની ચૂંટણી કોંગ્રેસની ‘‘દેશ તોડો’’ નીતિ સામે ભાજપાની ‘‘દેશ જોડો’’ નીતિ અને દેશને વિશ્વમાં વિકાસ-ગૌરવના ઉચ્ચ શિખરે પહોંચાડવા માટેની ચૂંટણી છે. તમામ કાર્યકર્તાઓ સોંપેલ જવાબદારી નિષ્ઠા અને પરિશ્રમથી નિભાવે તેવી અપીલ શ્રી વી.સતીષજીએ કરી હતી.

●

**કોંગ્રેસના નેતા શશી થરૂરે ભારત દેશને પાકિસ્તાન સાથે સરખાવીને ભારતના સવાસો કરોડ દેશવાસીઓનું ઘોર અપમાન કર્યું**

## દેશ, દેશવાસી અને હિન્દુત્વને બદનામ કરવાનું કોંગ્રેસ બંધ કરે



પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે ગુજરાત ભાજપાના પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડ્યાએ કોંગ્રેસના નેતા શશી થરૂરે આપેલા નિવેદન સામે તીવ્ર પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતું કે, આતંકવાદીઓ સામે સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી હતી ત્યારે પણ કોંગ્રેસે પાકિસ્તાનની ભાષા બોલી હતી અને સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવા માંગ્યા હતા અને કાશ્મીર મુદ્દે કોંગ્રેસના નેતાઓ હંમેશા લશ્કરે-તોયબાની જ ભાષા બોલ્યા કરે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારત દેશ તેમજ સમગ્ર વિશ્વ આતંકવાદ સામે લડી રહ્યા છે ત્યારે કોંગ્રેસના નેતા શશી થરૂરે ભારત દેશને આતંકવાદી પાકિસ્તાન સાથે સરખાવીને ભારતના સવાસો કરોડ દેશવાસીઓનું ઘોર અપમાન કર્યું છે.

‘‘હિન્દુત્વ’’ અને ‘‘વસુધૈવ કુટુમ્બકમ્’’ની ભાવના સાથે જોડાયેલી આપણી સંસ્કૃતિ સમગ્ર વિશ્વને એક પરિવાર માને છે. કીડીને કણ, પંખીને ચણ, હાથીને મણ આપવાની આપણી હિન્દુ સંસ્કૃતિ છે. સમગ્ર જીવસૃષ્ટિ અને પર્યાવરણની ચિંતા કરવાની પ્રકૃતિની સામે કોંગ્રેસે પોતાની વિકૃતિ પ્રદર્શિત કરી છે. હિન્દુત્વ એ જીવનશૈલી છે. દેશની સંસ્કૃતિ, સભ્યતા અને પરંપરા એ હિન્દુત્વના આધારે વણાયેલી છે. હિન્દુત્વ એટલે અહિંસા, પ્રેમ, સત્ય, કરુણા અને માનવતા સાથે સામાજિક સમરસતા છે. હિન્દુત્વમાં વિવિધતામાં એકતા છે.

કોંગ્રેસે દેશને જ્ઞાતિવાદ, કોમવાદનાં ષડયંત્રો કરીને તોડવાનું કામ કર્યું છે અને હજુ પણ આવા બેબુનિયાદ નિવેદનો કરીને દેશમાં કોમવાદને ઉશ્કેરી રહી છે. સતત હારતી કોંગ્રેસ પાર્ટીએ ફ્રસ્ટ્રેશનમાં દેશને બદનામ કરનારી વિકૃતિનું પ્રદર્શન કર્યું છે. કોંગ્રેસે પોતાના હિત માટે દેશના બંધારણમાં ૮૮ વખત ફેરફાર કર્યા છે અને ૩૫૬ની કલમનો ૫૦ વખત દુરુપયોગ કર્યો છે. કોંગ્રેસે બંધારણ વિરોધી, સંસ્કૃતિ વિરોધી પોતાની વિકૃતિ પ્રકટ કરી છે. કોંગ્રેસને બંધારણ બાબતે એક પણ શબ્દ સુધ્ધાં ઉચ્ચારવાનો અધિકાર નથી. દેશ, દેશવાસી અને હિન્દુત્વને કોંગ્રેસ બદનામ કરવાનું બંધ કરે તેમ શ્રી પંડ્યાએ જણાવ્યું હતું. તેમણે અંતમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિતના રંગમાં રંગાયેલી ભાજપા માટે બંધારણ હંમેશાથી સર્વોપરી રહ્યું છે અને રહેશે. બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરનું વારંવાર અપમાન કરવાનું પાપ કોંગ્રેસે કર્યું છે. ભાજપાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન પ્રેરણાસ્વરૂપ બની રહે તે માટે અનેક કાર્યો કર્યાં છે.

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની પૂર પ્રભાવિત વિસ્તારોના પરિવારો - નાગરિકો પ્રત્યે સંવેદના



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના પારદર્શી સંવેદનાભર્યા અને ઋજુહૃદયી વ્યક્તિત્વનો પરિચય આ વખતની પૂર-અતિવૃષ્ટિની આપત્તિ વેળાએ પ્રશાસન અને રાજ્યના સૌ નાગરિકોને થયો છે. મુખ્યમંત્રીશ્રીએ પોતાની નાદુરસ્ત તબિયત છતાં પણ ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં સમય વિતાવીને સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતમાં થયેલી અતિવૃષ્ટિનો સમગ્ર ચિતાર મેળવીને બચાવ-રાહતકામોની સમીક્ષા અને માર્ગદર્શન કર્યું હતું. તેમણે કંટ્રોલ રૂમની હોટલાઈન પરથી જ ગીર-સોમનાથ કલેક્ટર સાથે વાતચીત કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગીર-સોમનાથ, ઊના વિસ્તારોમાં પૂર અને ભારે વરસાદની સ્થિતિના પ્રત્યક્ષ નિરીક્ષણ તથા બચાવ-રાહતનું માર્ગદર્શન કરવા સ્વયં ગીર-સોમનાથ જવાની મંગળવારે સવારે પ્રતિબદ્ધતા દર્શાવીને પ્રતિકૂળ હવામાનમાં હેલિકોપ્ટરની ઉડાન ન ભરી શકાય તેથી વિમાન દ્વારા કેશોદ પહોંચવાનો નિર્ણય કર્યો હતો. દરમ્યાન મુખ્યમંત્રીશ્રીએ સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત વિસ્તારમાં મેઘ પ્રભાવિત જિલ્લાઓમાં નાગરિકોની સહાયતા તથા બચાવ-રાહતકામોમાં સ્થાનિક તંત્રને માર્ગદર્શન અને સંકલન માટે રાજ્ય મંત્રીમંડળના પાંચ મંત્રીઓને સંબંધિત જિલ્લાની જવાબદારી સોંપી ત્યાં પહોંચી જવાની સૂચનાઓ આપી. શ્રી વિજયભાઈ રૂપાણીની આ સૂચનાને પગલે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ-વલસાડ, કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુ-અમરેલી, વનમંત્રી શ્રી ગણપતસિંહ વસાવા-ડાંગ, અન્ન નાગરિક પુરવઠામંત્રી શ્રી જયેશભાઈ રાદડિયા-જૂનાગઢ અને વન રાજ્યમંત્રી શ્રી રમણભાઈ પાટકર-નવસારી જવા રવાના થયા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ પૂર અસરગ્રસ્તો પ્રત્યેની સંવેદના સાથે વાયુદળના (એરફોર્સ)ના ખાસ હેલિકોપ્ટર માટે એરફોર્સ સત્તાવાળાઓ સાથે સંપર્ક સાધીને ખાસ હેલિકોપ્ટર મેળવ્યું. તેમણે મંગળવાર બપોરે ફરીથી ગીર-સોમનાથની પ્રજા-નાગરિકોની સ્થિતિનો જાયજો લેવા મુખ્ય સચિવ શ્રી ડૉ. જે. એન. સિંહ, મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન અને વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉડાન ભરી હતી.

ગીર-સોમનાથ અને સૌરાષ્ટ્રના સાગરકાંઠા વિસ્તારોમાં ભારે વરસાદને કારણે હવામાનની પ્રતિકૂળતા થવાથી વાયુદળનું હેલિકોપ્ટર પણ કેશોદ ઉતરાણ ન કરી શક્યું. મુખ્યમંત્રીશ્રીએ ત્વરિત નિર્ણય લઈ વાયુદળના હેલિકોપ્ટરનું જેતપુર લેન્ડીંગ કરાવ્યું અને જેતપુરથી તેઓ મોટરમાર્ગે ગીર-સોમનાથ પહોંચ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી જેતપુરથી મોડી સાંજે ગીર-સોમનાથ પહોંચીને વરસાદી સ્થિતિની સમીક્ષા સાથે જિલ્લા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક યોજી રાહત-બચાવ કામોનું મોનિટરીંગ માર્ગદર્શન કરી રહ્યા છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ ગત વર્ષે ઉત્તર ગુજરાતના પૂર પ્રભાવિત જિલ્લાઓમાં સમગ્ર સરકાર સાથે પાંચ દિવસ રોકાણ કરીને રાહત-બચાવ પુનર્વસન કાર્યોમાં સતત નેતૃત્વ-માર્ગદર્શન કર્યું હતું. એ જ સંવેદનશીલતાથી સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના અતિવૃષ્ટિ પ્રભાવિત વિસ્તારોના જન-જન પ્રત્યે સંવેદના દર્શાવીને બચાવ-રાહતકામોની સમીક્ષા-માર્ગદર્શન તેમજ સ્થિતિનો તાદૃશ્ય ચિતાર સ્વયં જઈને મેળવી તેમણે સીએમ-કોમનમેનની પ્રતિભા ઉપસાવી છે.

●

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અષાઢી બીજ નિમિત્તે કચ્છી સમાજને પાઠવેલી નવા વર્ષની શુભેચ્છા



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ અષાઢી બીજના કચ્છીઓના નૂતન વર્ષ નિમિત્તે રાજ્યભરના કચ્છી માડુઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાજકોટના અટલબિહારી બાજપાયી ઓડિટોરિયમ ખાતે યોજાયેલા કચ્છી નૂતન વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં શ્રી રૂપાણીએ રણથી આચ્છાદિત કચ્છની ભૂમિને નંદનવન બનાવવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો, અને આ માટે રાજ્ય સરકારના તમામ સહકારની ખાતરી ઉચ્ચારી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના તાજેતરના ઈઝરાયેલ પ્રવાસનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં અને આ સંદર્ભમાં તેમણે કચ્છને ઈઝરાયેલ સાથે સરખાવતાં કચ્છના વિકાસને આંતરરાષ્ટ્રીય ફલક સુધી લઈ જવાની કટિબદ્ધતા દોહરાવી હતી.

કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ તથા ગોઝારી કુદરતી આપત્તિઓના સમયે કચ્છી માડુઓએ દાખવેલા ખમીરની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રશંસા કરી હતી અને કચ્છીઓના વતનપ્રેમને બિરદાવ્યો હતો. દુનિયાના કોઈ પણ છેડે વસતો કચ્છી સમાજ વતનના વિકાસ માટે સતત દાન આપતો રહે છે, એ ભાવનાને મુખ્યમંત્રીશ્રીએ કચ્છીઓની આગવી ઓળખ ગણાવી હતી, અને કપરા સમયમાં પણ કચ્છી બોલી તથા કચ્છી વાતાવરણ જાળવવા બદલ કચ્છી સમાજને અભિનંદન પાઠવ્યાં હતાં.

પોતાના પ્રવચનની શરૂઆત કચ્છી બોલીમાં કરીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉપસ્થિત સૌ કોઈનાં દિલ જીતી લીધાં હતાં. શ્યામજી કૃષ્ણ વર્મા જેવા સ્વાતંત્ર્યવીરોના પ્રદાનનો શ્રી વિજયભાઈએ નતમસ્તકે ઉલ્લેખ કર્યો હતો, તથા લાખો ફુલાણીએ અષાઢી બીજથી કચ્છી નૂતન વર્ષની ઉજવણીની શરૂઆત કરાવી હતી, એ વાતનું પણ સ્મરણ કર્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ લઘુતમ સાધનોના મહત્તમ ઉપયોગ થકી કચ્છનો વિકાસ કરવા કચ્છીઓને ધરપત આપી હતી. વિષમ પરિસ્થિતિમાં પણ કચ્છ સુધી નર્મદાનાં નીર પહોંચાડ્યાનો મુખ્યમંત્રીશ્રીએ દર્શાવેલો રાજીપો ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો અને કચ્છની સરહદ પર હનુમાનજીના મંદિરના ખાતમુહૂર્ત થકી કચ્છને વિશ્વના નકશામાં ચમકાવવાની મુરાદ પણ શ્રી રૂપાણીએ વર્ણવી હતી.

•

## ગુણોત્સવ-૮નાં પ્રોત્સાહક પરિણામો



# A+ શાળાઓ ૨,૧૧૭થી વધીને ૩,૨૦૭ અને A ગ્રેડની શાળાઓ ૧૭,૬૫૩થી વધીને ૨૨,૪૩૬ નોંધાઈ



શાળાઓની ગુણાત્મક સુધારણા સાથે પ્રાથમિક શિક્ષણમાં સુધારો લાવવાના હેતુથી ચાલુ શૈક્ષણિક વર્ષે પણ રાજ્યની શાળાઓમાં ગુણોત્સવ-૮ નું આયોજન કરાયું હતું. ગુણોત્સવ-૮મા પણ અગાઉના ગુણોત્સવના પરિણામોની જેમ રાજ્યની A+ તથા છ ગ્રેડની શાળાઓની સંખ્યામાં ધરખમ વધારો થયેલ છે જયારે B, C તથા D ગ્રેડની શાળાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૬, ૭ એપ્રિલ ૨૦૧૮ના રોજ ગુણોત્સવ-૮ નું આયોજન કરાયું હતું. ગુણોત્સવ-૭માં A+ની શાળાઓ ૨૧૧૭ હતી તે ગુણોત્સવ-૮માં વધીને ૩૨૦૭ શાળાઓ નોંધાઈ છે. જયારે છ ગ્રેડની શાળાઓ ૧૭૬૫૩થી વધીને ૨૨,૪૩૬ અને B ગ્રેડની શાળાઓ ૧૨,૫૫૬ થી ઘટીને ૭૬૨૯ નોંધાઈ છે. તે જ રીતે C ગ્રેડની શાળાઓ ૧૬૧૩ થી ઘટીને ૭૭૪ અને D ગ્રેડની શાળાઓ ૩૦૦ થી ઘટીને ૧૮૧ નોંધાઈ છે. શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, શિક્ષણમાં ગુણાત્મક સુધારણા માટેના રાજ્ય સરકારના પ્રયાસોને સફળતા મળતી જાય છે, તેનું આ ઉદાહરણ છે.

વર્ષ ૨૦૦૯-૧૦થી યોજાતા ગુણોત્સવ કાર્યક્રમમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓનું વિશિષ્ટ રીતે બે બાબતોનું મૂલ્યાંકન થાય છે. (૧) બાળકોની શૈક્ષણિક સિદ્ધિ (૨) શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને શાળાનાં સંસાધનોનો ઉપયોગ. બાળકોની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે ધોરણ-૨ થી ૮ના તમામ (૪૮ લાખ કરતાં વધુ) બાળકોની વાંચન, લેખન અને ગણન ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે તેમજ ધોરણ-૬ થી ૮ના તમામ (૨૧ લાખ કરતાં વધુ) બાળકોનું તેમના ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ભાષા જેવા તમામ વિષયોને આવરી લઈ ઓ.એમ.આર. આધારિત મૂલ્યાંકન થાય છે. દરેક બાળકને પોતાના નામ અને યુનિક આઈ.ડી. નંબર સાથેની ઓ.એમ.આર. શીટ શાળામાં અગાઉથી પહોંચાડવામાં આવે છે.

ગુણોત્સવના પરિણામના આધારે શાળાઓને ગ્રેડ આપવામાં આવે છે. જેમાં ૬૦% ગુણભાર બાળકોની શૈક્ષણિક સિદ્ધિને અને ૪૦% ગુણભાર શાળાની સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ અને શાળાનાં સંસાધનોના ઉપયોગને આપવામાં આવે છે. આ ગ્રેડની સાથે સાથે શાળાઓને રિપોર્ટ કાર્ડ પણ આપવામાં આવે છે, જેથી શાળા પોતે પણ રિપોર્ટ કાર્ડના આધારે પોતાની નબળાઈઓ જાણી શકે છે અને નબળાઈઓ દૂર કરી શકે છે. આ ઉપરાંત, ગુણોત્સવ-૭ થી તમામ શિક્ષકોને પણ ગ્રેડ આપવામાં આવે છે.

ગુણોત્સવના પરિણામના આધારે રાજ્ય સરકાર દ્વારા નીતિવિષયક નિર્ણયો લઈને ગુણવત્તા સુધારણા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. અપેક્ષા મુજબનું અધ્યયન સ્તર ન ધરાવતા હોય તેવાં બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે. શાળાઓમાં ભૌતિક સુવિધાઓ ન હોય તો સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે અને સુવિધાઓનો યોગ્ય ઉપયોગ થાય તે પણ સુનિશ્ચિત કરવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેના રાજ્ય સરકારના અનેકવિધ કાર્યક્રમો પૈકી ગુણોત્સવ એક અનોખો કાર્યક્રમ છે. રાજ્યની દરેક પ્રાથમિક શાળાઓનું એક સાથે વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન કરતાં આ કાર્યક્રમની નોંધ કેન્દ્ર સરકારની બારમી પંચવર્ષીય યોજનાના ડોકયુમેન્ટમાં પણ લેવાઈ છે. મધ્યપ્રદેશ, ઓરિસ્સા, આસામ અને રાજસ્થાન જેવાં રાજયોએ પણ ગુણોત્સવ કાર્યક્રમથી પ્રેરિત થઈ પોતાના રાજ્યમાં પણ આ પ્રકારનો કાર્યક્રમ અમલી બનાવ્યો છે.

# રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણની પ્રવૃત્તિઓને ગતિશીલ બનાવવા માટે હાથ ધરેલ કેટલીક મહત્ત્વની પહેલો



## મહિલા સશક્તિકરણ

દીકરી જન્મને પ્રોત્સાહિત કરવા તેમજ દીકરી જન્મના અધિકારનો દઢપણે અમલ કરાવવા માટે રાજ્ય દ્વારા મહિલાઓને સશક્ત બનાવવી જરૂરી છે. રાજ્ય સરકારે મહિલાઓમાં રહેલ સામર્થ્યને ઓળખી તેને સમાજ, રાજ્ય તેમજ દેશના વિકાસ માટે સક્રિય બનાવવા માટેની દિશાઓને (તકો) વધુ પ્રગતિશીલ બનાવવા માટે 'પ્રગતિશીલ ગુજરાત'નો અભિગમ અપનાવેલ છે.

- નીતિગત સુધાર માટેની અલાયદી 'નારીગૌરવ નીતિ'નું ઘડતર કરીને ૨૦૦૬થી અમલી બનાવેલ છે.
- છેલ્લાં પાંચ વર્ષથી મહિલાલક્ષી નાણાકીય જોગવાઈઓને પ્રોત્સાહન આપવા 'જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ' તૈયાર કરેલ છે.
- મહિલાઓના સર્વાંગી વિકાસને સાર્થક કરવા માટે દર વર્ષે સમગ્ર રાજ્યમાં 'મહિલા સશક્તિકરણ પખવાડિયું'ની ઝુંબેશ ચલાવવામાં આવે છે.



- રાજ્ય સરકારે વહીવટમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે ત્રિસ્તરીય પંચાયતી રાજ સંસ્થાઓમાં ૫૦% પોલીસ ભરતીમાં ૩૦% અને સરકારી ભરતીમાં ૩૩% અનામત રાખેલ છે.
- માતા અને બાળકોની સઘન સારવાર માટે પ્રથમવાર સ્પેશિયાલિટી મધર એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ શરૂ કરવામાં આવી છે.
- મહિલાઓના આરોગ્યને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓના ગર્ભાશયના, મુખના તેમજ સ્તન કેન્સરનું મફત સ્ક્રીનીંગ તેમજ સારવાર શરૂ કરવામાં આવી.
- મહિલાઓના નામે રજિસ્ટર કરવામાં આવતી મિલકતોને રજિસ્ટ્રેશન ફીમાંથી માફી.
- કુપોષણને દૂર કરવા દૂધ સંજીવની યોજના માટે રૂ. ૩૭૭ કરોડની જોગવાઈ.
- કુંવરબાઈનું મામેરું દ્વારા આશરે ૩૦૨૫૦ કન્યાઓને સહાય આપવા રૂ. ૩૦ કરોડની જોગવાઈ.
- જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ : રાજ્ય સરકારના બજેટને મહિલાલક્ષી અભિગમથી તૈયાર કરવા માટે દર વર્ષે જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮-૧૯ના 'જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ'માં કુલ રૂ. ૬૨,૩૦૨.૯૩ કરોડની મહિલાલક્ષી જોગવાઈ કરવામાં આવેલ છે જે ગત વર્ષની મહિલાલક્ષી નાણાકીય ફાળવણીમાં કુલ રૂ. ૫૮૧૧ કરોડનો વધારો થયેલ છે.
- જેન્ડર બજેટ ૨૦૧૮-૧૯માં ૭૨૦ જેટલી યોજનાઓ આવરી લેવાઈ છે. આ પૈકી ૧૭૮ જેટલી યોજનાઓ સંપૂર્ણપણે મહિલાલક્ષી છે, જેમાં મહિલાઓ અને કન્યાઓની શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશક્તિકરણ જેવી વિશેષ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂ. ૪૫૬૮ કરોડ જેટલી જોગવાઈ કરવામાં આવેલ છે, જે દ્વારા વિવિધ વિભાગો અંતર્ગત આયોજિત મહિલાલક્ષી કાર્યક્રમો, લાભો, સેમીનાર, શિબિરો, તાલીમો, એવોર્ડસ, સેન્ટરો વિગેરે દ્વારા અંદાજે ૧૧૨.૫૭ લાખ મહિલાઓને લાભ આપવાનો લક્ષ્યાંક રાખેલ છે.



- વસ્તીગણતરી ૨૦૧૧ મુજબ રાજ્યમાં ૦ થી ૬ વર્ષની દીકરીઓનો સેક્સ રેશિયો ૮૯૦ છે.
- આ પરિસ્થિતિ ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં ૮૫૨ છે, જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૯૧૪ જેટલી છે.
- શહેરી વિસ્તારની ઉક્ત બાબત પ્રમાણે રાજ્યનાં મોટા શહેરોમાં બાળ જાતિદર (૦ થી ૬ વર્ષ) ખૂબ જ ઓછો છે, જે નીચે મુજબ છે સુરત - ૮૩૫, મહેસાણા - ૮૪૨, અમદાવાદ - ૮૫૭, રાજકોટ - ૮૬૨, ગાંધીનગર - ૮૪૭

આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દીકરીઓના જન્મ અને શિક્ષણ પ્રત્યે સંવેદનશીલ હોવાથી તેઓએ આ બાબતને ગંભીરતાથી લઈ પાનીપત (હરિયાણા) ખાતેથી ખાસ આ વિષયે 'બેટી બચાવો... બેટી પઢાવો...' કાર્યક્રમ સમગ્ર દેશમાં અમલી બનાવેલ છે. રાજ્ય સરકાર દ્વારા પણ આ બાબતને ગંભીરતાથી લઈ દીકરી જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા ખાસ કાર્યક્રમો દ્વારા ઘનિષ્ઠ પ્રયત્નો હાથ ધરેલ છે.

- દીકરી યોજના દ્વારા માત્ર દીકરી હોય તેવા નવદંપતીને રૂ. ૬૦૦૦ની સહાય.
- બેટી જન્મને વધાવવા માટે સામાજિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાનો, ધર્મગુરુઓ અને કથાકારોને જાહેર કાર્યક્રમો આ બાબતે જાહેર જનતાને સંવેદનશીલ બનાવવા પ્રોત્સાહિત કરેલ છે.
- શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના સફળ કાર્યક્રમોને કારણે ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન થયેલ છે, તેમજ ૨૦૦૧માં સાક્ષરતા દર વર્ષ ૨૦૦૧માં ૫૭.૮૦ ટકા હતો, જે વધીને વર્ષ ૨૦૧૧માં ૬૯.૬૮ ટકા થયો છે. ડ્રોપઆઉટમાં ૧૮.૪૧ ટકાનો ઘટાડો થયો છે.
- કન્યા કેળવણીને વિશેષ પ્રોત્સાહન આપવા વિદ્યાલક્ષ્મી બોન્ડ (પ્રાથમિક અને માધ્યમિક શાળા) યોજના માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- સરકારી સહાયક અનુદાન મેળવતી ૫૩૭૪ શાળાઓમાં ધો. ૯ થી ધો. ૧૨માં અભ્યાસ કરતી વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪૬૧૫૬૦ વિદ્યાર્થિનીઓને મફત શિક્ષણ આપવામાં આવશે.
- કન્યાઓને બોર્ડની પરીક્ષા ફીમાંથી મુક્તિ : રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા ધો. ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતી ૭૦૯૦૪૨ વિદ્યાર્થિનીઓને બોર્ડની પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવા રૂ. ૨૮.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.
- ધો. ૮ પાસ કર્યા બાદ કન્યાઓ ડ્રોપ આઉટ ન થાય તે હેતુથી ધો. ૯ અને ધો. ૧૦ માટે નિવાસી વ્યવસ્થા ઊભી કરવા રૂ. ૬૯ કરોડની જોગવાઈ કરી છે.
- રાજ્યના ૧૪ આદિવાસી જિલ્લાના આશરે ૫.૧૫ લાખ વિદ્યાર્થિનીઓના વાલીઓને અન્ન ત્રિવેણી યોજના હેઠળ અનાજ પૂરું પાડવા રૂ. ૬૮ કરોડની જોગવાઈ.
- શિક્ષણના ડીજીટલાઈઝેશન માટે ધો. ૧૦ અને ધો. ૧૨ના વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦ના ટોકન દરે ટેબ્લેટ આપવામાં આવશે જે માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ કરેલ છે.



- અનુ. જાતિ અને સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગની કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે આશરે ૧.૮૪ લાખ કન્યાઓને વિના મૂલ્યે સાયકલ આપવા રૂ. ૬૪ કરોડની જોગવાઈ.

## ગ્રામવિકાસ

જે ગ્રામીણ વિસ્તારોમાં એસ.ટી. બસની સેવા પૂરી પાડી ન શકાતી હોય તેવા વિસ્તારોમાં પરિવહનની સેવા પૂરી પાડી શકાય તે માટે આજીવિકા ગ્રામીણ એક્સપ્રેસ યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના ૧૩ જિલ્લાના ૧૩ તાલુકામાં આ યોજના અમલમાં મૂકેલ છે, જે



પૈકી પ્રથમ તબક્કે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ૭ રૂટ પસંદ કરીને ૭ મારૂતી ઈકો વાહન મારફત પરિવહનની સુવિધા પૂરી પાડવામાં આવનાર છે. પરિવહનનું સંચાલન કરનાર ઘોઘંબા તાલુકાની સ્વસહાય જૂથની બહેનોને મારૂતી ઈકો વાહનની ચાવી અર્પણ કરવામાં આવી હતી.

## સ્વસહાય જૂથોને કેશ ક્રેડિટના મંજૂરી પત્ર

એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત સ્વસહાય જૂથને બેંક દ્વારા કેશ ક્રેડિટ આપવાની જોગવાઈ છે, જે અન્વયે ચાલુ નાણાકીય વર્ષમાં ૩૩,૦૦૦ સ્વસહાય જૂથના લક્ષ્યાંક સામે ૨૯૫૦૦ જૂથને ક્રેડિટ લીંક કરવામાં આવેલ છે.

## ગ્રામ સખી સંઘને કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડના ચેક વિતરણ

નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન યોજના અંતર્ગત ગ્રામ સંગઠનને રૂ. ૫.૦૦ લાખની કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ આપવાની જોગવાઈ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૬૧૨ ગ્રામ સંગઠનને કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડના લક્ષ્યાંક સામે ૮૮૧ ગ્રામ સંગઠનને ઈન્વેસ્ટમેન્ટ ફંડ ચૂકવવામાં આવેલ છે.

## ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા

રાજ્યમાં ૨૮ જેટલી ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થાન (આરસેટીએ) સ્વરોજગારી પ્રાપ્ત થાય તે હેતુથી તાલીમ આપવામાં આવે છે. આરસેટી મારફત તાલીમની માંગ આધારિત સ્વરોજગારલક્ષી નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે, જેમાં કોમ્પ્યૂટર ઓપરેટરની તાલીમ, ફેશન ડિઝાઇન, સ્વચ્છતા, શિલ્પી, કોયરવર્ક વિગેરે વિવિધ પ્રકારની તાલીમો આપવામાં આવે છે. ચાલુ વર્ષે આર.સે.ટી. મારફતે ૧૯,૬૭૦ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે તે પૈકીના લાભાર્થીઓને તાલીમ પૂર્ણ કરવા અંગેના પ્રમાણપત્ર તથા બેંક ધિરાણ મંજૂરી પત્ર એનાયત કરવામાં આવેલ છે.

## દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા ગ્રામ્યસ્તરનાં યુવક અને યુવતીઓને તેમની જરૂરિયાત મુજબ કૌશલ્યવર્ધન તાલીમ આપી, તેમના કૌશલ્યને NCVT / GCVT મારફતે પ્રમાણિત કરી સંગઠિત ક્ષેત્રમાં રોજગારી આપવા માટે નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. ૧૮થી ૩૫ વર્ષનાં ગ્રામીણ ગરીબ યુવક અને યુવતીઓ આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આ યોજના અંતર્ગત ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી કુલ ૧૦,૫૧૫ લાભાર્થીઓ તાલીમ મેળવી ચૂકેલ છે, તેમજ ૭,૪૩૧ લાભાર્થીઓને રોજગારી પ્રાપ્ત થયેલ છે.



## મુખ્યમંત્રી ગ્રામોદય યોજના

મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાનો મુખ્ય ઉદ્દેશ કૃષિ ક્ષેત્રમાં કુશળ અર્ધકુશળ શ્રમિકોનું / Hidden Unemployment દૂર કરી ગ્રામીણ સેવા ક્ષેત્ર તેમજ લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોને મદદ કરી ગ્રામીણ વ્યવસાયનો વિકાસ કરવાનો છે. ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા બિનખેતી વ્યવસાયિકો, હસ્તકલા, ખાદી તથા ગ્રામ્ય કારીગરીના કામને લગતા ઉત્પાદન, વેપાર તથા સેવાને વિકસિત કરી તેને કાર્યશીલ બનાવવા કોમ્પ્યૂટરાઇઝેશન, વ્યવસાયલક્ષી સલાહ, વિલેજ લેવલ કમ્યુનિટી કેડર (CRP-EP)ને તાલીમ આપી તૈયાર કરવા અને નાણાંકીય સહાય પૂરી પાડવાનો છે. આ યોજના અન્વયે ૫૦,૦૦૦ વ્યવસાયિકોને મદદ કરવામાં આવશે. કુલ બજેટ રૂ. ૬૦ કરોડ મંજૂર કરેલ છે. યોજના અન્વયે લોન વ્યાજ સબસીડી ૬ ટકા સુધી વધુમાં વધુ વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/- સુધી તેમજ વિકલાંગ મહિલા, એસ.સી. અને એસ.ટી.ને ૨ ટકા વધારાની વ્યાજ સબસીડી મળવાપાત્ર રહેશે.

# અનુસૂચિત જાતિ અને આદિજાતિના વિકાસ માટે ભાજપ સરકારે કર્યું નક્કમ કામ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વનબંધુઓના સર્વાંગી વિકાસ માટે ગુજરાત વિધાનસભા ખાતે વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી તેનાં સારાં પરિણામોને કારણે આજે વનબંધુઓ આર્થિક રીતે સમૃદ્ધ થયા છે અને તેમના દીકરાઓ ઉચ્ચ કારકિર્દી ઘડીને ડૉક્ટર, એન્જિનિયર તેમજ પાયલોટ બની રહ્યા છે તે કોંગ્રેસને આજે આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યું છે. કોંગ્રેસ કયા મોઢે અનુસૂચિત જાતિ જનજાતિના વિકાસની વાતો કરી રહી છે? આદિવાસીઓનું હિત રાજ્ય સરકારના હૈયે વસેલું છે. રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે ત્યારે કોંગ્રેસ માત્ર ને માત્ર રાજકીય લાભ ખાટવા અને મીડિયામાં પ્રસિદ્ધિ માટે ખોટા મુદ્દાઓ ઊભા કરીને અનુસૂચિત જાતિના લોકોને ગુમરાહ કરવાનું બંધ કરે. અનુસૂચિત જાતિ અને આદિજાતિના મસીહા ડૉ. બાબાસાહેબ આંબેડકરને જીવન પર્યંત હેરાન કરીને મૃત્યુ બાદ પણ તેમની અવગણના કરનાર કોંગ્રેસને દલિતો અને આદિજાતિઓ માટે બોલવાનો કોઈ અધિકાર નથી.

વર્ષ ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીએ પૂર્ણરૂપે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં તે પહેલાં વર્ષ ૧૯૯૩-૯૪ અને ૧૯૯૪-૯૫નાં વર્ષોમાં કોંગ્રેસના શાસન હેઠળ આદિજાતિ પેટાયોજના હેઠળ સરેરાશ ૧૧.૨૬ ટકા જેટલી જોગવાઈ થતી હતી તેની સામે વર્ષ ૧૯૯૫-૯૬થી વર્ષ ૨૦૦૧-૦૨ના સમયગાળામાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૨.૦૪ ટકા જેટલી જોગવાઈ આદિજાતિ પેટા-યોજના હેઠળ થઈ હતી. વર્ષ ૨૦૦૨-૦૩થી ૨૦૧૮-૧૯ના સમયગાળા દરમિયાન સરેરાશ ૧૨.૫૫ ટકા જેટલી જોગવાઈ આદિજાતિ પેટા-યોજના હેઠળ કરવામાં આવેલ હતી. આમ, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આદિજાતિ પેટા-યોજનાની જોગવાઈ રાજ્યની કુલ જોગવાઈ કરતાં સતત વધતી રહી છે. ઉપરોક્ત ગાળા દરમ્યાન વર્ષ ૨૦૦૬-૦૭માં ૧૪.૮૦ ટકા, વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૪.૭૬ ટકા એટલે કે લગભગ ૧૫ ટકાની જોગવાઈ રાજ્ય સરકારે કરીને ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓના લક્ષ્યને પરિપૂર્ણ કર્યું હતું. વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૫.૩૯ ટકા જેટલી જોગવાઈ કરીને ગુજરાતની આદિજાતિની વસ્તીના પ્રમાણ કરતાં પણ વધારે જોગવાઈ કરી હતી. વર્ષ ૧૯૯૫-૯૬થી ૨૦૧૭-૧૮ના સમયગાળા દરમ્યાન એટલે કે લાગલગાટ ૨૩ વર્ષ સુધી આદિજાતિ પેટા-યોજના હેઠળ ફાળવેલ જોગવાઈ સામે સરેરાશ ૯૨ ટકા કરતાં વધુ રકમનો ખર્ચ કરીને ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે બેનમૂન રેકર્ડ પ્રસ્થાપિત કરીને દેશને નવો રાહ ચીંધ્યો છે.

અનુસૂચિત જાતિઓ અને આદિજાતિઓ માટે સૂચિત કાયદામાં રાજ્યકક્ષાએ એક જ નોડલ એજન્સીની રચના સૂચવવામાં આવી છે, જ્યારે ગુજરાતમાં હાલ અનુસૂચિત જાતિ પેટા-યોજના માટે સામાજિક ન્યાય મંત્રીશ્રીની અધ્યક્ષતામાં નોડલ એજન્સીની રચના કરવામાં આવી છે જે આ વર્ગોના કલ્યાણ માટે પ્રતિબદ્ધતાપૂર્વક કાર્ય કરી રહી છે. તે જ પ્રમાણે આદિજાતિ પેટા-યોજનાના ઘનિષ્ઠ અમલીકરણ માટે મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં જુદા જુદા ૧૭ વિભાગોના સચિવો સહિતની સમિતિની રચના કરવામાં આવી છે. ગુજરાતમાં વિભાગીય કક્ષાએ પણ અનુસૂચિત જાતિ પેટા-યોજનાની વાર્ષિક સમીક્ષા સામાજિક ન્યાય મંત્રીશ્રીની અધ્યક્ષતાવાળી ઉચ્ચકક્ષાની સમિતિ કરે છે. આવી જોગવાઈ સૂચિત કાયદામાં પણ નથી. સૂચિત કાયદામાં અનુસૂચિત જાતિ પેટા-યોજના અને આદિજાતિ પેટા-યોજના માટે જિલ્લા કક્ષાએ એક જ સમિતિની જોગવાઈ સૂચવવામાં આવી છે ત્યારે ગુજરાત રાજ્યમાં હાલ બંને વર્ગો માટે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની અધ્યક્ષતામાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિતની અલગ-અલગ સમિતિઓ રચવામાં આવી છે જેથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અલગથી વધુ ધ્યાન સાથે કલ્યાણ પ્રવૃત્તિઓનો અમલ કરી શકાય. સૂચિત કાયદામાં તાલુકા કક્ષાએ અમલીકરણ અને દેખરેખ માટે કોઈ સમિતિ કે તંત્રની જોગવાઈ સૂચવી નથી જ્યારે હાલ વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અધિક

કલેક્ટર કક્ષાના અધિકારીની અધ્યક્ષતામાં પ્રજાના પ્રતિનિધિઓ સહિતની ૧૧ સભ્યોની બનેલી સમિતિ કાર્યરત છે.

**અનુસૂચિત જાતિ વિભાગની કામગીરી અને સિદ્ધિઓ**

- અનુસૂચિત જાતિ પેટા યોજનામાં કોંગ્રેસના વર્ષ ૧૯૮૦થી વર્ષ ૧૯૯૭ સુધી કુલ ૧૭ વર્ષમાં કુલ રૂ. ૬૪૧ કરોડની જોગવાઈ કરી છે. જે વાર્ષિક સરેરાશ ૩૭.૭૧ કરોડ થાય છે, જેની સામે ભાજપ સરકારે છેલ્લાં ૨૨ વર્ષમાં કુલ રૂ. ૩૬૮૨૮ કરોડની જોગવાઈ કરી છે, જે વાર્ષિક સરેરાશ કુલ રૂ. ૧૬૬૪ કરોડ થાય છે. આમ અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત કોંગ્રેસ સરકારના શાસનમાં ૨.૦૫ ટકા જોગવાઈ કરવામાં આવતી હતી, જે ભાજપ સરકારના શાસનમાં વધારો કરી વર્ષ ૨૦૦૬-૦૭માં તો વસ્તી કરતાં પણ વધારે ૭.૧૫ ટકા સુધીની જોગવાઈ પહોંચાડવામાં આવી છે.
- છેલ્લાં ત્રણ વર્ષમાં અનુસૂચિત જાતિ પેટા યોજનાની જોગવાઈ જોઈએ તો વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૩૯૧૫ કરોડ (૪.૯૪ ટકા), વર્ષ ૨૦૧૬-૧૭ રૂ. ૪૨૦૧ કરોડ (૪.૯૧ ટકા) અને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૪૬૦૩ કરોડ (૫.૪૧ ટકા) અને
- ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૪૮૮૬ કરોડ (૫.૩૧ ટકા)ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય રૂ. ૫૦,૦૦૦/-ને બદલે વધારો રૂ. ૧,૦૦,૦૦૦/- કરવામાં આવેલ છે.
- ડૉ. આંબેડકર આવાસયોજના હેઠળ અગાઉ રૂ. ૭૦,૦૦૦ સહાય આપવામાં આવતી હતી. તેના બદલે વધારો કરી હવે રૂ. ૧.૨૦ લાખની મકાન સહાય આપવામાં આવશે.
- પ્રાથમિક અને માધ્યમિકમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને રૂ. ૩૦૦ના બદલે વધારો કરી રૂ. ૬૦૦ સુધીની ગણવેશ સહાય ચૂકવવામાં આવશે.
- એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી અનુ. જાતિની કન્યાઓ કે જેઓનાં મા-બાપ વાલીની વાર્ષિક આવક રૂ. ૨.૫૦ લાખ હતી તેમાં વધારો કરી રૂ. ૬.૦૦ લાખ કરી કન્યાઓને પોસ્ટ મેટ્રિક ટ્યુશન સહાય ચૂકવવામાં આવશે.
- અનુ.જાતિ - જનજાતિ અને વિકસિત જાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને રહેવા-જમવા માટે અતિ આધુનિક સુવિધા ધરાવતા અમદાવાદ, ભાવનગર, વડોદરા, રાજકોટ, આણંદ અને સુરત ખાતે સમરસ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે, જેમાં ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે.
- અનુસૂચિત જાતિઓ માટેની વિવિધ વાર્ષિક આવકમર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ. ૬૮,૦૦૦/- હતી, જેમાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખ કરવામાં આવેલ છે.
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.)માં તાલીમ મેળવતા અનુસૂચિત જાતિના તાલીમાર્થીઓને એક વર્ષના વ્યવસાય અભ્યાસક્રમમાં સ્ટાઈપેન્ડ રૂ. ૧૨૫/-ના બદલે વધારો કરી રૂ. ૪૦૦ ચૂકવવામાં આવશે.
- વર્તમાન સરકાર દ્વારા નવી શરૂ કરેલ યોજનાઓ :
- સંત શિરોમણી શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્યવર્ધક તાલીમ યોજના શરૂ કરવામાં આવેલ છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનામાં રૂ. ૧૫.૦૦ લાખ ૪ ટકા વ્યાજ દરે આપવામાં આવે છે.
- માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહલગ્ન યોજના શરૂ કરવામાં આવેલ છે, જેમાં સહાય રૂ. ૧૦,૦૦૦ આપવામાં આવે છે.
- ધોરણ ૯માં અભ્યાસ કરતી કન્યાઓ માટે સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય) શરૂ કરવામાં આવેલ છે.
- ધોરણ ૧૧-૧૨માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ પ્રોત્સાહન સહાય યોજના શરૂ કરવામાં આવેલ છે.
- JEE, NEET, GUJCAT, NEFTના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવેલ છે.
- ગુજરાતની તમામ યુનિવર્સિટીમાં ડૉ. આંબેડકર ચેરની જગ્યા ઊભી કરવા માટે જોગવાઈ કરવામાં આવે છે. હાલ પાંચ યુનિવર્સિટીમાં ડૉ. આંબેડકર ચેર ઊભી કરવામાં આવેલ છે.

●

**જી.પી.એસ.સી.ની પરીક્ષાનું માળખું તથા અભ્યાસક્રમ સમયાંતરે સમગ્ર દેશમાં અપનાવવામાં આવશે**




# ગુજરાત સરકારમાં વર્ગ-૧ અને વર્ગ-૨ અધિકારી બનવા માટેની ઉમદા તકો : GPSC દ્વારા ૨૯૪ જગ્યા માટે જાહેરાત પ્રસિદ્ધ


યુવાનોને રોજગારી મળે તે માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે. દરેક યુવકનું સ્વપ્ન ડેપ્યુટી કલેક્ટર, ડી. વાય. એસ. પી., મામલતદાર વગેરે જેવી વહીવટી તેમજ મુલ્કી સેવામાં જોડાઈ વર્ગ-૧ અને ૨ ના અધિકારી બનવાનું રહેતું હોય છે. જીપીએસસીના નવા ભવનના ઉદ્‌ઘાટન વખતે માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઘોષણા કરી હતી કે રાજ્યમાં દર બે વર્ષે વર્ગ-૧ અને વર્ગ-૨ ની પરીક્ષાઓ લેવાશે. આ વચનને વળગી રહેતાં રાજ્ય સરકારે ડેપ્યુટી કલેક્ટરની ૫૦, ડી.વાય.એસ.પી. ની ૦૩, સહાયક રાજ્ય વેરા કમિશ્નરની ૧૫, મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની ૦૫, મામલતદારની ૩૪, તાલુકા વિકાસ અધિકારીની ૩૨, નગરપાલિકાના ચીફ ઓફિસરની ૩૧, રાજ્ય વેરા અધિકારીની ૪૦ એમ વર્ગ-૧ ની ૭૫ અને વર્ગ-૨ ની ૨૧૯ એમ કુલ ૨૯૪ જગ્યા માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક ૩૧ જુલાઈ, ૨૦૧૮ પહેલાં અરજી કરી શકશે.

જી.પી.એસ.સી. દ્વારા વર્ષની શરૂઆતમાં જ આખા વર્ષ દરમ્યાન ભરતી માટેની જાહેરાતોનું કેલેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવે છે, જેમાં જાહેરાતની તારીખ, પરીક્ષાની તારીખ, પરિણામની તારીખ જણાવવામાં આવે છે. જી.પી.એસ.સી. દ્વારા વર્ષ-૨૦૧૭માં પ્રસિદ્ધ કરાયેલ વર્ગ-૧ અને વર્ગ-૨ની કુલ-૩૩૫ જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા ૩૬૩ દિવસમાં પૂર્ણ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિવિધ રાજ્યોમાં સિવિલ સર્વિસ Exams માટેનું માળખું તથા અભ્યાસક્રમ અલગ અલગ છે/હતો. સમગ્ર દેશમાં સિવિલ સર્વિસ માટે Exam Patten તથા Syllabus સરખા બને એ માટે યુ.પી.એસ.સી. સંલગ્ન સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેનશ્રી શ્રી દિનેશભાઈ દાસાની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીએ જાન્યુઆરી-૨૦૧૮ માં "મોડેલ પરીક્ષા પદ્ધતિ" તથા "મોડેલ અભ્યાસક્રમ", જે UPSC ને સમાંતર હોય તે રીતે રીપોર્ટ સોંપ્યો હતો, જે માટે ૨૯ રાજ્યોના જાહેર સેવા આયોગ દ્વારા સહમતિ સધાઈ છે. આમ, જી.પી.એસ.સી.ની પરીક્ષાનું માળખું તથા અભ્યાસક્રમ સમયાંતરે સમગ્ર દેશમાં અપનાવવામાં આવશે. ●

**૧૫ જુલાઈ : વકીલ સાહેબ પુણ્યતિથિ**

# વકીલ સાહેબ કાર્યકર્તાઓના મિત્ર બની અતૂટ પ્રેમ, અખૂટ પ્રેરણા અને અખંડ કાર્યનો સંદેશ આપતા



કઠોર સાધનાનો મૂર્તિમંત આવિષ્કાર એટલે વકીલ સાહેબ. ૪૩ વર્ષોથી રા. સ્વ. સંઘના પ્રચારક રહી ગુજરાતના જનજીવનમાં ઓતપ્રોત બની, હજારો સ્વયંસેવકોના પથદર્શક અને પ્રેરણાદર્શક બન્યા. વકીલ સાહેબનું દૃઢ મનોબળ, અપૂર્વ ધૈર્ય અને પ્રબળ સંઘનિષ્ઠા હિમાલય જેવા અડીખમ રહીને હજારો કાર્યકરોના માર્ગદર્શક બન્યા હતા. જો કે કેવળ સંઘના સ્વયંસેવકો કે ભાજપાના કાર્યકર્તાઓને જ નહિ પણ કોઈપણ ક્ષેત્રમાં પ્રવૃત્તિમય લોકો માટે વકીલ સાહેબનું જીવન એક દીવાદાંડી જેવું છે. લક્ષ્મણ માધવ ઈનામદાર - વકીલ સાહેબ એક એવા તપસ્વી હતા કે જે કાર્યકર્તાના કેવળ ઘડવૈયા જ નહિ, પણ એક કુશળ સેનાની હતા. તેમના નેતૃત્વમાં નિર્ભિકતા, વ્યવહારુ શાણપણ, પ્રબળ પારિવારિક ભાવના અને અતૂટ લાગણીસભર સ્વભાવને કારણે નાના-મોટા સૌને તેઓ પોતાના લાગતા.

## સંઘ સ્વયંસેવક, રમતવીર અને અભ્યાસ

વકીલ સાહેબનો જન્મ ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૭માં મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખટાવ ગામે થયેલો.

વકીલ સાહેબનું પ્રાથમિક શિક્ષણ સતારામાં થયું. વકીલ સાહેબને કસરતનો શોખ બચપણથી જ હતો. કબડ્ડી અને ખો-ખોના તેઓ નિષ્ણાત ખેલાડી હતા. તે જમાનામાં તેમણે આ રમતોમાં અનેક ઈનામ મેળવેલાં. વકીલ સાહેબ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા તેવા સમયે જ સન ૧૯૩૫ માર્ચ મહિનામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પૂ. ડો. હેડગેવારજી સતારાની મુલાકાતે આવ્યા. યુવાનો એક મેદાનમાં એકઠા થયા. ડોકટર સાહેબે વ્યાખ્યાન આપી સૌ યુવાનોને સંઘમાં જોડાવાનું આહ્વાન કર્યું. સૌ યુવાનો સંઘમાં જોડાયા પણ વકીલ સાહેબ ન જોડાયા. વકીલ સાહેબનો સ્વભાવ હતો કે કોઈ વાતનો પૂરો વિચાર કર્યા વગર તે આગળ પગલું ન ભરે. આખી રાત અને પૂરો દિવસ ડોકટર સાહેબના પ્રવચન પર વિચાર કરી, બીજે દિવસે સંઘમાં જોડાવાનો નિર્ણય લીધો.

હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કરી ઉચ્ચ શિક્ષણ મેળવવા વકીલ સાહેબ પૂના આવ્યા. મોટો પરિવાર હોવાના કારણે અને ટૂંકી આવકને કારણે વકીલ સાહેબના ઘરની આર્થિક હાલત અતિ નબળી હતી. વકીલ સાહેબ પૂનામાં મિત્રો સાથે અતિ કરકસરથી રહેતા. ઈન્ટર આર્ટ્સ પૂરું કર્યા બાદ તેઓ એલએલ.બી.ની પહેલી પરીક્ષા પણ પાસ થયા. અભ્યાસની સાથે સાથે સંઘકાર્ય તો ચાલુ જ હતું.

## અભ્યાસ છોડી સત્યાગ્રહમાં જોડાયા

આઝાદી પહેલાં દેશમાં ૫૦૦ ઉપરાંત દેશી રાજ્યો હતાં. તેમાં હૈદ્રાબાદ એક મોટું રાજ્ય હતું. રાજ્યમાં બહુમતી પ્રજા હિંદુ હોવા છતાં મુસલમાન રાજા નિઝામનું જુલ્મી શાસન હતું. દેશને ૧૯૩૭માં પ્રાંતિક સ્વાયત્તતા મળવા છતાં નિઝામના જુલ્મ ચાલુ હતા. લોકોએ સ્વાયત્તતા માટે ચળવળ ચાલુ કરી. વીર સાવરકરની હાકલને ઝીલી દેશભરમાંથી સત્યાગ્રહીઓની ટુકડીઓ હૈદ્રાબાદમાં દાખલ થવા લાગી. આવી જ એક ટુકડીમાં વકીલ સાહેબ પણ પોતાનો એલએલ.બી.નો અભ્યાસ અધૂરો છોડી સત્યાગ્રહમાં જોડાયા. વકીલ

સાહેબની ધરપકડ થઈ અને જેલમાં ધકેલી દેવામાં આવ્યા. જેલમાં સત્યાગ્રહીઓ પર અનહદ અત્યાચાર આચરવામાં આવતો. વકીલ સાહેબને પણ જેલના પટાંગણમાં પોલીસ દ્વારા તથા ભાડૂતી ગુંડાઓ દ્વારા સખત માર મારવામાં આવ્યો. આ અવસ્થામાં પણ વકીલ સાહેબ મક્કમ રહ્યા. સાત મહિના કારાવાસ ભોગવ્યા પછી વકીલ સાહેબનો જેલમાંથી છુટકારો થયો. આ સત્યાગ્રહ ભાગાનગર સત્યાગ્રહ તરીકે ઓળખાયો.

### સંઘકાર્ય માટે પ્રચારક બની ગુજરાત આવ્યા

જેલમાંથી છૂટ્યા બાદ લક્ષ્મણરાવે એલએલ.બી.નો અભ્યાસ પૂરો કર્યો. પિતાજીની ઇચ્છા હતી કે હવે લક્ષ્મણ નોકરી - ધંધામાં લાગી ઠરીઠામ થશે, પરંતુ લક્ષ્મણરાવના મનમાં તો કંઈક જુદું જ હતું. મન તો સંઘના કાર્ય માટે રંગાઈ ચૂક્યું હતું. પૂ. શ્રી ગુરુજીએ સંઘકાર્યની ઝડપી વૃદ્ધિ માટે દેશભરમાં ઝંઝાવાતી પ્રવાસ શરૂ કરી દીધો હતો અને અનેક પ્રચારકોને વિવિધ પ્રાંતોની જવાબદારી સોંપી સંઘકાર્ય આગળ ધપાવ્યું હતું. આવા વાતાવરણમાં વકીલ સાહેબ થોડા શાંત બેસી રહેવાના હતા ? વકીલ સાહેબ પણ સંઘકાર્ય કરવા ઘર છોડી પ્રચારક જીવન જીવવા નીકળી પડ્યા. તેઓ પણ સંઘની યોજના મુજબ ૧૯૪૩માં ગુજરાતમાં નવસારી આવી પહોંચ્યા. વકીલ સાહેબ કુશળ સંગઠક હતા. નવસારી શહેરમાં અને તાલુકાઓમાં સંઘની શાખાઓ વધવા લાગી.

આઝાદી પૂર્વે વકીલસાહેબ તથા તેમની સાથેની યુવા પ્રચારકોની ટીમે માતૃભૂમિના કલ્યાણ માટે પૂર્ણ પુરુષાર્થથી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ બધે જ સંઘનો વિસ્તાર વિસ્તાર્યો હતો. વકીલ સાહેબનું અખંડ કાર્યરત, પ્રેરક, પ્રભાવી છતાં પ્રસન્ન વ્યક્તિત્વ સૌને આકર્ષતું. દિવસ અને રાત ગુજરાતમાં સંઘકાર્ય સતત વિસ્તરતું અને વિકસતું ગયું.

### આદર્શ કાર્યકર્તા ઘડતરના ઘડવૈયા

આદર્શ કાર્યકર્તા કોને કહેવાય ? આદર્શ કાર્યકર્તાનું ઘડતર કેવી રીતે કરી શકાય ? આ અંગે વકીલ સાહેબના આચાર-વિચાર ખૂબ પ્રેરણાદાયી બની રહે તેવા છે. રાજકોટના સંઘશિક્ષા વર્ગમાંના પોતાના અંતિમ ઉદ્‌બોધનમાં વકીલ સાહેબે જણાવ્યું હતું કે, 'વિશ્વાસ રાખો કે પ્રત્યેક વ્યક્તિના અંતઃકરણમાં ભગવાન વસેલો છે. પ્રત્યેક વ્યક્તિ સંસ્કારક્ષમ છે. સારા સંસ્કાર કદી પણ એળે જતા નથી. આ ભાવનાથી આપણે કામ કરીએ તો પ્રત્યેક વ્યક્તિમાં આપણને કોઈ ને કોઈ ગુણ દેખાશે. એ ગુણના આપણે પૂજારી બનીશું તો તે વ્યક્તિને પણ લાગશે કે અરે, મારામાં કંઈક ગુણ છે અને એની કોઈ પૂજા કરે છે. તો એ વ્યક્તિ કહે તેમ હું કરીશ.'

વકીલ સાહેબનો કાર્યકર્તા તરફનો ભાવ અલગ પ્રકારનો હતો. તેઓ કાર્યકર્તાને અલગ દૃષ્ટિથી નિહાળતા. તેઓ કહેતા, 'દરેક વ્યક્તિ તરફ જોવાની આપણી દૃષ્ટિ ગુણગ્રાહી હોવી જોઈએ, અને એ ભૂમિકામાંથી જ આપણો એની સાથેનો વ્યવહાર હોવો જોઈએ... કાર્યકર્તાઓની ઊણપો શોધી કાઢી બાદબાકી કરતા રહીશું તો છેવટે હું એકલો જ સારો છું.' એવી સ્થિતિ થશે, જે સારી નહીં. કોલસાને ઘસો



**જેના ખભા પર માથું મૂકીને રડી શકાય તેવા સ્વજનના ખભા પર આંસુનાં બે ટીપાં સારીએ તો હૃદય પરનો ભાર હળવો થઈ જાય**

શ્રી નરેન્દ્રભાઈ મોદીને એક પત્રકારે પ્રશ્ન પૂછ્યો કે, 'આપના જીવનમાં એવી કોઈ વ્યક્તિ ખરી કે જેની પાસે આપ હૃદય ખોલીને વાત કરી શકો ?'

નરેન્દ્રભાઈએ ઉત્તર આપતાં કહ્યું કે, 'મારા જીવનમાં ત્રણ વ્યક્તિ એવી હતી કે જેની પાસે હું મારું હૃદય ખોલીને વાત કરી શકતો. તેમાંના એક આ શ્રી વકીલ સાહેબ. વકીલ સાહેબ પાસે હું એકદમ ખૂલીને વાત કરી શકતો. હું માનું છું કે દરેકના જીવનમાં આવી કોઈ વ્યક્તિ હોવી જોઈએ કે જેની પાસે દિલ ખોલીને વાત કરી શકાય. બાથરૂમમાં ડોલ ભરીને રડીએ તો પણ મન કે હૃદય હળવું ન થાય, પરંતુ જેના ખભા પર માથું મૂકીને રડી શકાય તેવા સ્વજનના ખભા પર આંસુનાં બે ટીપાં સારીએ તો હૃદય પરનો ભાર હળવો થઈ જાય.'



છો શું કામ ? કોલસાને બાળો પછી જુઓ તે કેટલું કામ આપે છે.

જો કે કાર્યકર્તાની અંદર રહેલા નાના-મોટા દોષો કે ઊણપોને વકીલ સાહેબ નજરઅંદાજ કરતા નહીં, પરંતુ એ દોષો અને ઊણપોને હળવે હળવે દૂર કરવા પ્રયાસ કરતા. એ દોષોની ચર્ચા વકીલ સાહેબ કદી ત્રીજા કાર્યકર્તા સાથે કરતા નહીં. કાર્યકર્તા અધિકાધિક આદર્શ કાર્યકર્તા થાય તે માટેના તમામ પ્રયત્નો વકીલ સાહેબ કરતા.

## કાર્યકર્તાઓના પરિવાર સાથે આત્મીયતા

વકીલ સાહેબ કાર્યકર્તાઓના ઘડતરની સાથે સાથે તેમના પરિવારો સાથેના સંબંધમાં પણ નાના મોટા વ્યવહારથી એક બહુ મોટો આદર્શ વારસામાં મૂકી ગયા છે. સંઘની કાર્યપદ્ધતિમાં બધા જ પ્રચારકો આ પ્રકારની પારિવારિક ભાવના ધરાવતા હોય છે. વકીલ સાહેબ માત્ર સ્વયંસેવક સાથે જ સંબંધ રાખતા એવું નહોતું, તેઓ સ્વયંસેવકના પરિવાર સાથે પણ આત્મીયતાના સંબંધ ઊભા થાય એ પ્રકારે કાર્ય કરતા.

વકીલ સાહેબ સંઘના નિશ્ચિત કાર્યક્રમો પૂર્ણ થયે સમય કાઢીને સ્વયંસેવકના ઘરે પહોંચી જતા અને સ્વયંસેવકના પરિવારના ખબર-અંતર પૂછી ચર્ચા કરતા. આ બહોળા સંપર્કને લીધે જ તેઓ ગુજરાતમાં કાર્યકર્તાઓના પરિવારોમાં નિઃસ્વાર્થ પ્રેમ, અસીમ સ્નેહ અને અનુપમ આત્મીયતાનું પ્રતીક બન્યા.

## સતત પ્રયાસ, અવિરત બેઠકો અને સખત પરિશ્રમ

ચાલીસ વર્ષ જેટલો સમય એકધારું સમર્પિત જીવન જીવનાર વકીલ સાહેબે રાષ્ટ્રજીવનના શિલ્પી તરીકે જે કાર્યો કર્યાં છે, તે કાર્યો ખરા અર્થમાં તેઓને 'મૂકસેવક' તરીકે નવાજવા માટે પૂરતાં છે.

સંઘનું નિત્ય કાર્ય રોજની શાખા, પ્રભાત, સાયં, રાત્રીની શાખાઓ, બેઠકો, અભ્યાસવર્ગ, શિશુથી લઈ પ્રૌઢ સુધીના બધા જ સ્વયંસેવકોનો સંપર્ક, તે માટે સતત પ્રવાસ ક્યારેક ચાલતાં તો ક્યારેક સાયકલ પર, ક્યારેક બસ તો ક્યારેક ટ્રેન... વર્ષમાં એકથી વધુવાર ગુજરાતના બધા જિલ્લા, તાલુકાઓનો પ્રવાસ થતો રહેતો. કેન્સર જેવી જીવલેણ બીમારી પછી પણ એકવાર સમગ્ર ગુજરાતનો પ્રવાસ કરેલ. સતત બેઠકો, ક્યાંક મેદાનમાં તો ક્યાંક ઘરમાં, ક્યારેક પાંચ સ્વયંસેવકો તો ક્યારેક પાંચસો. સ્વયંસેવકોને રાષ્ટ્રજીવનના ઘડતરમાં પોતાનું યોગદાન શું રહેવું જોઈએ તે વાત થતી રહેતી.

પ્રાંત કક્ષાથી લઈ તાલુકા કક્ષાના સેંકડો કાર્યકર્તાઓની જે હારમાળા આજે દિવસ-રાત પરિશ્રમ કરી રહી છે તેનું ઘડતર વકીલ સાહેબે જાતે કર્યું છે. કોઈ સાહિત્યસાધના આદરી રહ્યું છે, તો કોઈક પત્રકારત્વનાં મૂલ્યોનું જતન કરે છે, કોઈ વનવાસી ક્ષેત્રે કાર્યરત તો કોઈ શિક્ષણજગતની વ્યવસ્થામાં પડેલ છે. કોઈ સંતો - મહંતોને સંગઠિત શક્તિ દ્વારા સમાજના દોષોને દૂર કરવા પ્રયાર કરે છે તો કોઈ મંદિરોને સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવા સક્રિય છે. કોઈ સંસદમાં કે વિધાનસભા ક્ષેત્રે કાર્યરત છે તો મહિલાઓ મહિલા ઉત્કર્ષ માટે કાર્યરત છે. હજારો - લાખો કાર્યકર્તાઓ વકીલ સાહેબની કલ્પનાના રાષ્ટ્રજીવનના ઘડતરના કાર્યમાં કાર્યરત છે.

## સમાજસેવાની ઉમદા તક મળી છે તો તેને દીપાવજો

જ્યારે જ્યારે વકીલ સાહેબને સત્તામાં બેઠેલા લોકો સાથે વાત કરવાની તક મળતી ત્યારે તેઓ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહેતા કે, 'આ સમાજસેવા કરવાની ઉમદા તક તમોને મળી છે તો તેને દીપાવજો.' કાર્યકર્તાઓને પણ માર્ગદર્શન કરતાં કહેતા કે, 'હું કાર્યકર્તા છું, એટલે મારું કામ સત્તામાં બેઠેલા લોકોએ કરવું જ જોઈએ તે ઠીક નહીં. કામ તો ગુણવત્તાના આધારે જ થવાં જોઈએ, સંબંધના આધારે નહીં. હા, કોઈને અન્યાય થતો હોય તો તે ન થાય તે જોવું જોઈએ.'

ક્યારેક કાર્યકર્તાઓનો અપેક્ષાભંગ થતો અને કાર્યકર્તા રોષ ઠાલવતા ત્યારે વકીલસાહેબ પ.પૂ. શ્રી ગુરુજીના શબ્દો યાદ કરાવતાં કહેતા, 'સ્વયંસેવક બંધુઓ અને મિત્રો વહીવટ તંત્રમાં દખલ કરીને જાહેર અગત્યની બાબતોના અપવાદ સિવાય અન્ય કામો કરાવવા માટે સત્તાસ્થાને બેઠેલા તેમના મિત્રો પાસે ન જાય. નહીં તો તેઓ જાહેર નીતિમત્તાનાં ધોરણો નીચે લાવવા માટે અપરાધી બનશે.'

ગામડામાં વસતા લોકો પ્રત્યે

વકીલ સાહેબને અતૂટ પ્રેમ અને લાગણી હતાં. તેઓએ એકવાર કહ્યું હતું કે, આપણો દેશ ગામડામાં વસતો દેશ છે. ગામડાંના લોકોને પણ એવું લાગવું જોઈએ કે પોતાનું કોઈક સત્તામાં બેઠું છે. સત્તામાં બેઠેલા લોકો પોતાના માટે કંઈક કરશે, પોતાને સમજી શકશે, એવું ગામડાંના લોકોને અનુભવાય તે જરૂરી છે.

આ હતી મૂલ્યો અને વિચારધારાની માવજતની ચિંતા.

## કટોકટી સામે સ્વસ્થતા અને ધીરજથી લડયા

શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ૨૬મી જૂન, ૧૯૭૫ના રોજ સમગ્ર રાષ્ટ્રને આંતરિક કટોકટી લાદીને જાણે જેલ જેવું બનાવી મૂકયું. લોકો ભયમાં જીવતા હતા. અખબારી સ્વાતંત્ર્ય હણાઈ ગયું હતું. રા. સ્વ. સંઘ પર પ્રતિબંધ મૂકી દેવાયો : સંઘના અધિકારીઓ અને સ્વયંસેવકોને પકડીને જેલ ભેગા કરી દીધા. આવી પરિસ્થિતિમાં અને સંઘ પર આવી પડનાર આપત્તિનો વિગતે વિચાર કરવા અને પરિસ્થિતિનો સામનો કરવા વકીલ સાહેબે કમ્મર કસી. કટોકટી દરમિયાન વકીલ સાહેબનું ભ્રમણ સતત ચાલ્યા કરતું. નાનાં નાનાં જૂથોમાં કાર્યકર્તાઓની બેઠકો, વ્યક્તિગત મુલાકાતો, ભૂગર્ભમાં પત્રિકાઓનું વિતરણ વગેરે પ્રવૃત્તિઓ સતત ચાલતી. વકીલ સાહેબ કટોકટીના વીસે-વીસ મહિના ભૂગર્ભમાં રહ્યા.

સમગ્ર કટોકટીના કાળ દરમિયાન વકીલસાહેબ એકદમ સ્વસ્થ રહ્યા હતા. કટોકટી ઉઠાવ્યા બાદ દેશમાં યોજાયેલ લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં બિનકોંગ્રેસી જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારે પણ વકીલ સાહેબ સ્વસ્થ જ રહ્યા. ચારે તરફ ઉત્સાહ, ઉન્માદ અને ઉમંગનું વાતાવરણ હતું. એક કાર્યકર્તાએ વકીલ સાહેબને ફોન કરી કહ્યું, 'વકીલ સાહેબ, હવે આપણે સત્તાધારી છીએ.' વકીલ સાહેબે તુરત સામે ઉત્તર આપતાં કહ્યું, 'ભલા આદમી ! આપણું કાર્ય તો શાખા ચલાવવાનું છે. સંઘકાર્ય એ આપણું કામ છે.'

અભૂતપૂર્વ જનતા પાર્ટીના વિજયના દિવસે દિનાંક ૨૨ માર્ચ, ૧૯૭૭ના રોજ વકીલ સાહેબે પોતાની ડાયરીમાં લખ્યું, 'આ તો સત્તા-પરિવર્તન છે. ફુલાઈ જવાની જરૂર નથી. આપણે તો સમાજ-પરિવર્તન કરવાનું છે.'

## જીવનના અંતિમ સમય સુધી જવાબદારી નિભાવી

વકીલ સાહેબને કેન્સરનો રોગ લાગુ પડયો છે તે વાત જાણી મુંબઈથી એક સ્વયંસેવકે વકીલ સાહેબને પત્ર લખ્યો :

'વકીલ સાહેબ, તમારું તો મહર્ષિતુલ્ય જીવન. તમને આવું ! મારી તો ઈશ્વર ઉપરની શ્રદ્ધા ડગી જાય છે.'


સ્થિતપ્રજ્ઞ વકીલ સાહેબ ઉત્તરમાં લખે છે : 'ભાઈ, આ તો દેહનાં બંધન છે. ભોગવે જ છૂટકો. પ. પૂ. શ્રી ગુરુજી તો ત્યાગી અને યોગીપુરુષ હતા ને ? એમને પણ આ રોગ થયો. જ્યાં સુધી શરીર ચાલશે ત્યાં સુધી સંઘકાર્ય કરવું બાકી દેહની વ્યાધિ જે હોય તે ભોગવે જ છૂટકો.'

કેન્સર જેવી જીવલેણ બીમારી સમયે પણ સારવારને બદલે સંઘકાર્યની ચિંતા રહેતી. મુંબઈના ડો. સરૈયા સાથે અગિયાર કેમોથેરપીના ઈન્જેકશનના કોર્સની વાતચીત થયા બાદ વકીલ સાહેબે ડો. સરૈયાને પૂછ્યું : 'ડોકટર સાહેબ, હું જાણું છું કે આ ગંભીર પ્રકારની બીમારી છે. બચવાની શક્યતા નહીંવત્ છે, આમ છતાં જો એકાદ-બે વરસ મને કામ કરવા મળે તો મને સંતોષ રહેશે. ગુજરાત સાથે મારો ચાલીસ વર્ષથી સંબંધ રહ્યો છે. ગુજરાતભરમાં વિવિધ સ્થાનો પર અનેક કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. તેઓ સૌને એકવાર મળી લેવાની ઇચ્છા છે, જેથી કામ અંગે મારે જે કંઈ કહેવું છે તે કહી શકું અને એમની સામે કોઈ સમસ્યા હોય તો તે અંગે વિચારવિમર્શ કરી શકું. હું અખિલ ભારતીય વ્યવસ્થા વિભાગમાં છું અને સાથે સાથે ક્ષેત્ર પ્રચારક પણ છું. મારા માથે વ્યવસ્થાપ્રમુખ તરીકે જે જવાબદારી મૂકવામાં આવી છે, તે નિભાવ્યાનો કંઈક સંતોષ મને મળી રહે. આ બધું પતી ગયા પછી, ગમે તે પળે દેહ છોડવા માટે હું તૈયાર છું.'

અંતે, ૧૫ જુલાઈ, ૧૯૮૫ના રોજ વકીલ સાહેબે દેહસ્વરૂપે આપણા સૌની વચ્ચેથી વિદાય લીધી. ધ્યેયસિદ્ધિ માટે કાર્યરત લાખો કાર્યકર્તાઓને અખંડ કાર્યરત રહેવાની અખૂટ પ્રેરણા, પ્રકાશ અને પ્રદાન આપતો તેઓનો જીવનસંદેશ હંમેશા જીવંત રહેશે.

તપસ્વી ગયા તપ રહ્યું !

હેમત ગોહિલ (જામનગર)



**જન્મતિથિ : ૩૦ જુલાઈ, ૧૯૩૫**

# ગુજરાત ભાજપના શિલ્પી એક આગવું વ્યક્તિત્વ

# શ્રી મકરંદભાઈ દેસાઈ

સંસ્કારનગરી વડોદરાને પોતાનાં કાર્યોની કર્મભૂમિ બનાવનાર શ્રી મકરંદભાઈ દેસાઈ સન ૧૯૬૨ના જનસંઘના સમયથી, પક્ષની વિચારધારા અને સિદ્ધાંતને અનુરૂપ કાર્યરત રહી, પક્ષને મજબૂતી બક્ષી સરળ, શિસ્તના આગ્રહી અને સૌમ્ય મકરંદભાઈ મિત્રો જલદી બનાવી લેતા. મીઠી વાણી અને મીઠાશભર્યો સ્વભાવ કાર્યકર્તાઓને આકર્ષી લેતો. આમ પણ મકરંદભાઈમાં નામ એવા ગુણ હતા. સાર્થ ગુજરાતી જોડણીકોશ અનુસાર 'મકરંદ'નો અર્થ ફૂલનું મધ કે ફૂલની રજ એવો થાય. મકરંદભાઈ મીઠા મધ જેવા હતા.

મકરંદભાઈ ઉચ્ચ અભ્યાસ ધરાવતા હતા. બી.ઈ. (સિવિલ) સાથે અમેરિકા ખાતે પણ વધુ અભ્યાસ કરેલ. અમેરિકા, કેનેડા, જાપાન, જર્મની, હોલેન્ડ, હોંગકોંગ વગેરે અનેક દેશોનો વિદેશપ્રવાસ તેમણે વારંવાર કરેલ. આ વિદેશપ્રવાસોના અનુભવનો લાભ પક્ષના વિકાસમાં ખૂબ કામ આવેલ.

૧૯૬૨માં જનસંઘમાં જોડાયા બાદ ૧૯૭૪માં વડોદરાના વાડી - શહેર વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા. જનતા મોરચાની સરકારમાં મંત્રી તરીકે અને ત્યારબાદ ભાજપાની સરકારમાં ઊર્જાપ્રધાન તથા અન્ય ખાતાંઓમાં તેઓની કામગીરી અતિ ઉમદા રહી. મકરંદભાઈનું અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ, વિશ્વવિદ્યાલયનું શિક્ષણ, વિદેશપ્રવાસોનો અનુભવ, વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની ચીવટ, નેતૃત્વની કળા જેવા અનેક ગુણોને કારણે તેઓ સરકારના દરેક વિભાગમાં સફળ થતા.

મકરંદભાઈ ખાણ અને ખનિજ ખાતાના પ્રધાન હતા ત્યારે એમણે જોયું કે મોટા મોટા ખાણિયાઓ અને ઉદ્યોગપતિઓ જ ટેન્ડરો ભરી ખાણને ભાડાપટે રાખે છે, વળી તેઓ ખાણનું ઉત્ખનન પૂરતા પ્રમાણમાં કરતા ન હતા તેથી સરકારને તેમાંથી મળવી જોઈતી રેવન્યુ મળતી ન હતી. મકરંદભાઈના ધ્યાનમાં આ વાત આવતાં તેમણે તુરત એક વિશેષ સૂત્ર આપ્યું, 'ખોદે તેની ખાણ'. આના કારણે નાના-નાના ખાણિયાઓને લાભ થયો અને સરકારની આવકમાં વધારો થયો.

આજે દેશભરમાં ગુજરાત વીજળી બાબતે નંબર વન છે. જ્યોતિગ્રામ યોજના અન્વયે પ્રત્યેક ગામડામાં ૨૪ કલાક વીજળી ઉપલબ્ધ બની છે. ગુજરાતને ભાજપ સરકારની આ અણમોલ ભેટ છે. ગુજરાતમાં વીજળીની આ ઉપલબ્ધતાનાં બીજ તો મકરંદભાઈએ ૧૯૮૦માં જ રોપી દીધાં હતાં. ગુજરાતમાં વીજળી આજે વટવૃક્ષ બની વિસ્તરી ગઈ છે.

મકરંદભાઈએ વીજળી પ્રધાન તરીકે એક આદર્શ સ્થાપિત કર્યો હતો કે, વહીવટ પારદર્શક હોવો જોઈએ. આ સિદ્ધાંત અન્વયે તેઓએ ગુજરાત વિદ્યુત બોર્ડને લગતી માહિતીની એક નાની પુસ્તિકા પ્રજા માટે જાહેર કરી હતી. તેમાં પ્રજાને માહિતગાર કરવામાં આવી હતી કે, વીજળીનું જોડાણ કેવી રીતે મળી શકે, જોડાણ કપાઈ ગયું હોય તો ફરી કેવી રીતે મળી શકે, જોડાણ મેળવવા કયા કયા કાગળો જોઈએ વગેરે માહિતી આ પુસ્તિકામાં દર્શાવી હતી. જોડાણ મેળવવા કોઈની લાગવગ કે પૈસા કામમાં લાગતા નહીં. સ્વચ્છ વહીવટનો લાભ પ્રજાને મળ્યો. ઊર્જાપ્રધાન તરીકે મકરંદભાઈની કુનેહ અને આવડતની ખૂબ પ્રશંસા થઈ.

મકરંદભાઈ જે કામગીરી સંભાળતા તેમાં કાંઈક નવું કરવાની તેમની ધગશ તેમને સફળ બનાવતી. ગાંધીનગરના સચિવાલયમાં મકરંદભાઈએ એક નવો અભિગમ અપનાવ્યો. પોતે પોતાની ઑફિસમાં સવારે નવ વાગ્યે હાજર થઈ જતા તે છેક સાંજે છ વાગ્યા સુધી બેસી કામગીરી કરતા. અન્ય પ્રધાનો પણ મકરંદભાઈના આ અભિગમને અપનાવી સાંજ સુધી સચિવાલયમાં હાજરી આપતા. આના કારણે પ્રધાનોના ટેબલ પર ફાઈલોનો નિકાલ ઝડપથી થવા લાગ્યો. ખુદ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ પટેલ પણ મકરંદભાઈના નવા ચીલે ચાલ્યા.

'સારું અને ભિન્ન' કરવાની ટેવવાળા મકરંદભાઈએ વીજળી ખાતાના પ્રધાન હતા ત્યારે જોયું કે વીજ ઉત્પાદન કરવા માટે કોલસાનાં વેગનો ગુજરાત ખાતે ખૂબ મોડાં આવે છે જેના કારણે વીજ ઉત્પાદનમાં વિક્ષેપ પડે છે. આના ઉપાય તરીકે તેમણે મધ્ય પ્રદેશથી

કોલસાને બદલે પાઈપ લાઈન દ્વારા કોલ સ્લરીનો સીધો પુરવઠો મળી રહે તેવા પ્રયાસો આદર્યા. પવનચક્કી દ્વારા વીજળી મળી રહે તેના માટે પણ તેમણે પૂરતા પ્રયત્નો કર્યા.

ગુજરાતમાં વીજ સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેના માટે મકરંદભાઈએ 'બ્રેન ટ્રસ્ટ' નામનું એક ટ્રસ્ટ બનાવ્યું, જેમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરો અને વીજ ટેક્નિકલ લોકોને ભેગા કર્યા. આ લોકોએ વીજ સમસ્યાઓ અંગે ખૂબ વિચાર-વિનિમય કર્યો.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા બંધ અને સુરત નજીકના ઉકાઈ બંધના નિર્માણ માટે પણ મકરંદભાઈનો સિંહફાળો રહેલો છે. નર્મદા બંધના નિર્માણ આડે જ્યારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વાંધા કાઢતી હતી ત્યારે મકરંદભાઈ ચર્ચા-વિચારણામાં ખૂબ ઉપયોગી થતા. એક તો મકરંદભાઈનું પાવરફૂલ ઈંગ્લીશ અને બીજું તેઓના વિદેશપ્રવાસોના અનુભવનું ભાથું. ઉકાઈ બંધનું નિર્માણકાર્ય તેના સમય કરતાં દોઢ વર્ષ પહેલાં બંધાઈને તૈયાર થયું. મકરંદભાઈની આ સીમાચિહ્ન રૂપ કામગીરી હતી. મોરબીમાં મચ્છુ પૂર હોનારત અને કચ્છમાં પૂરે ભારે તારાજી સર્જી હતી. વીજળી વિના મોરબી અને કચ્છ અંધારામાં ડૂબી ગયેલ. સામાન્ય ગતિથી કામગીરી થઈ હોત તો દિવસો સુધી અંધારાં રહેત, પણ મકરંદભાઈ અને વીજ કંપનીના તેમના ઇજનેરોની ટીમે દિવસ-રાત એક કરી માત્ર ત્રણ દિવસમાં જ વીજળીનો પુરવઠો ચાલુ કરી દીધો.

મકરંદભાઈની ઉત્કૃષ્ટ, ઉમદા અને ઉત્તમ કામગીરી માત્ર સરકારમાં જ કે મંત્રી તરીકેની જ ન હતી, પરંતુ પક્ષના સંગઠનમાં પણ તેઓ કુશળ સંગઠક તરીકે સફળ થયા હતા. મકરંદભાઈએ ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી સંગઠન ક્ષેત્રે પક્ષનું માળખું ખૂબ મજબૂત કર્યું હતું. ગુજરાત ભાજપાના અનેક સિનિયર રાજનેતાઓ અને જનસંઘના પાયાના મૂલ્યનિષ્ઠ કાર્યકર્તાઓએ પક્ષની સુંદર સંગઠનની માળા બનાવી છે તેનો એક મણકો મકરંદભાઈ દેસાઈ પણ છે.

રાષ્ટ્રભક્ત મકરંદભાઈની રાષ્ટ્રભક્તિનાં ચરમ સીમાનાં દર્શન તેઓએ કટોકટી કાળમાં કરેલ તેમની કામગીરીમાં થાય છે. ૨૬મી જૂન, ૧૯૭૫માં શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા ટકાવી રાખવા દેશમાં કટોકટી લાગુ કરી, લોકશાહીનું ગળું ટૂંપ્યું. માર્ચ મહિના સુધી મકરંદભાઈએ ભૂગર્ભમાં રહી કટોકટી વિરુદ્ધ ગુજરાતમાં આંદોલન ચલાવ્યું. ત્યારબાદ ગુજરાત જનતા મોરચાની સરકારને પાડી દેવામાં આવતાં, મકરંદભાઈને વિદેશ જતા રહી ત્યાંથી દુનિયા સમક્ષ ભારતની પરિસ્થિતિનો ચિતાર આપવાની જવાબદારી સોંપવામાં આવી. વૃદ્ધ માતા-પિતા, પત્ની અને એકના એક વહાલસોયા પુત્રની ચિંતા કર્યા વગર મકરંદભાઈ ચૂપચાપ લંડન જતા રહ્યા. ભારતના લોકો અને દુનિયાભરના લોકો બી.બી.સી.ના સમાચારો ઉપર જ વિશ્વાસ કરતા. મકરંદભાઈએ બી.બી.સી.ને આપેલ મુલાકાત દરમિયાન ભારતની કટોકટીનાં કારનામાં દુનિયા સમક્ષ ખુલ્લાં કર્યાં. વિદેશમાં પણ મકરંદભાઈ ૧૨ થી ૧૪ કલાક કામ કરતા.

મકરંદભાઈએ લંડન, અમેરિકા રહીને ૪૦ દેશોના ભારતીયોને સાથે રાખી 'ફ્રેન્ડ્સ ઓફ ઈન્ડિયા ઈન્ટરનેશનલ' (એફ.આઈ.એસ. આઈ.) નામની સંસ્થા ચાલુ કરી જે આજે પણ કાર્યરત છે. આ સંસ્થા દ્વારા 'સત્ય વાણી' નામનું મુખપત્ર મકરંદભાઈએ ચાલુ કર્યું. 'સત્ય વાણી'ની નકલો ભારતમાં ગુપ્ત રીતે ફરતી થઈ.

મકરંદભાઈ લંડનથી પત્ર દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે સતત સંપર્કમાં હતા. નરેન્દ્રભાઈ પણ ભૂગર્ભમાં રહી ગુજરાતમાં કટોકટી સામેની લડાઈના આગેવાન હતા.

કટોકટી વખતે લોકસભાના એક સભ્ય સુબ્રમણ્યમ સ્વામી અમેરિકામાં મકરંદભાઈની સાથે હતા. લોકસભાના નિયમ મુજબ સંસદસભ્ય લગાતાર ત્રણ સત્રોમાં ગેરહાજર રહે તો તે આપોઆપ તે પદ ગુમાવે. સુબ્રમણ્યમ સ્વામીને ત્રીજીવારના સત્રમાં એક સરદારજીના વેશમાં ભારત મોકલ્યા. સંસદમાં હાજરીપત્રકમાં સહી કરી, નેપાલ માર્ગે ફરી અમેરિકા પહોંચી ગયા. આ બનાવે દેશભરમાં જ નહીં, દુનિયાભરમાં ચર્ચા જગાવી. આ આખી ઘટનાનું આયોજન મકરંદભાઈ દેસાઈએ કર્યું હતું.

મકરંદભાઈ જે - જે ક્ષેત્રોમાં હતા તે તમામ ક્ષેત્રોમાં તેમનું ઊંડાણથી આત્મસમર્પણ રહેતું અને આ કારણે તે તે ક્ષેત્રના કાર્યકર્તાઓ પણ વધુ ને વધુ ઊંડાણથી તે કાર્યમાં ઓતપ્રોત થઈને વ્યસ્ત રહેતા. આમ, મકરંદભાઈ પોતે આચરણમાં મૂકીને અન્યોને એ આચરણ તરફ વાળતા. મકરંદભાઈ આપણા નર્યા નિ:સ્વાર્થ પથદર્શક હતા. આપણને ખરા માનવી બનાવવા માટેનું તેમનું તળ ઓછું ન પડે એ હવે આપણે જોવાનું છે.

તા. ૨૨મી એપ્રિલ, ૧૯૮૮ના દિને માત્ર ૫૩ વર્ષની ઉંમરે જ મકરંદભાઈ પક્ષ માટે, કાર્યકર્તાઓ માટે અને સમાજ માટે શ્રેષ્ઠ જીવનકાર્ય કરી, આપણને ઉત્તમ પથ પર ચાલતા કરી, પોતે અંતિમ પથ પર ચાલતા થયા.

# શ્રી કમલમ્ ખાતે મળેલ પ્રદેશ બેઠકની તસવીરો









REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.